Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૩૮ મું
અંક ૯ મો

સંવત ૧૯૯૭
ચૈત્ર



પ્રકાશકઃ—
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિષય-પરિચય


૧. શ્રી મહાવીર જન્મમહોત્સવ. ... ... (મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ.) ૨૩૩
૨. વૃક્ષાન્યોક્તિ. .... ... ... ... (કવિ રેવાશંકર વાલજી બધેકા.) ૨૩૫
૩. અન્યોક્તિનું રહસ્ય. ... ... ... ( " " ) ૨૩૬
૪. ગુણાનુરાગ. ... ... ... ...(આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.) ૨૩૭
૫. પ્રભુ મહાવીરે મોહમસ્ત જગતને ત્યાગધર્મ જ કેમ આપ્યો? ... (મુનિ હંસસાગરજી મહારાજ) ૨૪૨
૬. આતમતત્ત્વની સાચી પિછાન. ... ... (શ્રી મોહનલાલ દી. ચોકસી.) ૨૪૬
૭. જગદુત્તર મહાત્મા. ... ... ... ... (મુનિ ન્યાયવિજય) ૨૪૮
૮. શ્રી ધર્મશર્માભ્યુદય મહાકાવ્ય : અનુવાદ ... (ડૉ. ભગવાનદાસ મ. મહેતા.) ૨૪૯
૯. પરમાત્માનું અધિરાજ્ય. ... ... ..(મૂળ લે. શ્રી ચંપતરાયજી જૈની.) ૨૫૩
૧૦. સાચી સોનેરી શિખામણ... ... ... (મુનિ શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ) ૨૫૬
૧૧. પ્રમાણપત્ર ... ... ... ... ... ... ... ... ૨૫૮
૧૩. વર્તમાન સમાચાર (મુંબઇમાં શ્રી આત્માનંદ જૈન સભાની સ્થાપના, મુનિ વિહાર વિ.) ૨૫૯



શ્રી ઉપયોગી સુંદર ચરિત્ર—

## સતી સુરસુંદરી ચરિત્ર.

(લેખક : રા. સુશીલ)

**(રાગરૂપી આગ અને દ્વેષરૂપી કાળાનાગને શાંત કરવામાં જળ અને મંત્રની ઉપમાને યોગ્ય અદ્‌ભુત રસિક કથાગ્રંથ.)**

આ શ્રી ઉપયોગી કથાની રચના જૈન કથાસાહિત્યમાં બહુ જ આદરને પાત્ર મનાય છે. વૈરથી ધગધગતા અને રાગ-મોહથી મુંઝાતા હૈયાને શાંત બનાવવાની કલાકુશળતા અને તાર્કિકતા કર્તા વિદ્વાન મહારાજે આ ગ્રંથમાં અદ્‌ભુત રીતે બતાવી છે,

કથારસિક વાચકવર્ગ કંટાળી ન જાય તે માટે પ્રથમ કથા-ચરિત્ર પછી કેવળી ભગવાનની ઉપદેશધારા અને તે પછી પ્રાસંગિક નૈતિક ઉપદેશશ્લોકો (મૂળ સાથે ભાષાંતર) સુધાબિંદુ એ પ્રમાણે ગોઠવીને ગ્રંથ આધુનિક પદ્ધતિએ મૂળ આશય સાચવી તૈયાર કરેલ છે.

રસદષ્ટિ, ઉપદેશ, ચરિત્ર-કથા અને પ્રાચીન સાહિત્યની દષ્ટિએ આ ગ્રંથ એક કિંમતી અણુમોલ અને અનુપમ ગ્રંથ છે. એન્ટ્રીક પેપર ઉપર સુંદર અક્ષરો અને રેશમી કપડાના સુશોભિત બાઇડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે. કિંમત રૂા. ૧-૮-૦ પોસ્ટેજ અલગ.

**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક : ૩૮ મું : આત્મ સં. ૪૫ : વીર સં. ૨૪૬૭ : ચૈત્ર :
અંક : ૯ મો : * * વિક્રમ સં. ૧૯૯૭ : એપ્રીલ :

## શ્રી મહાવીર જન્મમહોત્સવ.

( પનઘટ વાટે પનિહારી એ ધીરા—એ રાગ )

મધ્યરાત્રિનાં ચોઘડીઆં મધુર વિવિધ સૂર આપે;
દુઃખ કાપે રે, મહાવીર જન્મ્યા હો. ૧

ઇન્દ્ર હૃદયમાં હર્ષ ધરાવે, ઘંટા સુઘોષા વાગે;
રવ મધુ લાગે રે, મહાવીર જન્મ્યાં હો. ૨

સર્વ વિમાને પ્રતિઘોષથી, મહાવીરજન્મ વધાવે;
જગત ઉલ્લાસે રે, મહાવીર જન્મ્યા હો. ૩

મેરુ પર્વત ઇન્દ્ર સિધાવે, **ત્રિશલાનંદન** સાથે;
હર્ષ ધરાવે રે, મહાવીર જન્મ્યા હો. ૪

દેવ-દેવાંગના વાહન ચડીને, દર્શન અર્થે આવે;
ઉર હરખાયે રે, મહાવીર જન્મ્યા હો. ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પાંડુક** વનની રમ્ય શિલાએ, મહાવીર આસન ધારે;
હૃદયે ઠારે રે, મહાવીર જન્મ્યા હો. ૬

એક કરોડ ને સાઠ લાખ કળશો, ત્યાં વારિ આવે;
દેવ મુંઝાયે રે, મહાવીર જન્મ્યા હો. ૭

"બાલક સહસે કેમ કરીને, જળ આ" મન વિચારે;
પ્રેમ ધરાવે રે, મહાવીર જન્મ્યા હો. ૮

ચરણતણા અંગુઠાબળથી, મેરુ પર્વત ડોલ્યો;
પડદો ખોલ્યો રે, મહાવીર જન્મ્યા હો. ૯

સાગર ઉછળ્યા, પર્વત ડોલ્યા, દેવો શંકા ભૂલ્યા;
હર્ષે ડૂલ્યા રે, મહાવીર જન્મ્યા હો. ૧૦

**ચૈત્ર શુકલની** ત્રયોદશીએ **ક્ષત્રિયકુંડે** જન્મ્યા;
જન સૌ પ્રણમ્યા રે, મહાવીર જન્મ્યા હો; ૧૧

**નંદીશ્વર** અષ્ટાહ્નિકઉત્સવ, **સુરેન્દ્ર** સૌ ઉજવાવે;
શીશ નમાવે રે, મહાવીર જન્મ્યા હો. ૧૨

ત્રિશલા હર્ષ ધરે અન્તરમાં, જગમાતા પદ પામે;
જન સૌ પ્રણમે રે, મહાવીર જન્મ્યા હો. ૧૩

**સિદ્ધારથ** નૃપ **વર્ધમાન** એ, નામ પ્રેમથી સ્થાપે;
કીર્તિ વ્યાપે રે, મહાવીર જન્મ્યા હો. ૧૪

બાલપણાથી બહુ બળવંતા, સુરપતિ આનંદ પામે;
**મહાવીર** નામે રે, મહાવીર જન્મ્યા હો. ૧૫

માતપિતા બંધુના ધર્મો, ઉત્તમ ભાવે પાળ્યા;
દુર્ગુણ બાળ્યા રે, મહાવીર જન્મ્યા હો. ૧૬

વિશ્વતણા કલ્યાણને માટે, મોક્ષ સુમાર્ગ બતાવ્યો;
ભવથી તારો રે, મહાવીર જન્મ્યા હો. ૧૭

**હેમેન્દ્રે** જે હોય અલ્પતા, ટાળી પ્રવીણ બનાવો;
હૃદયે આવો રે, મહાવીર જન્મ્યા હો. ૧૮

પ્રાંતિજ, તા. ૧૬–૩–૪૧ લે: **મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# वृक्षान्योक्ति.

## સત્પુરુષ સાથે વૃક્ષની સામ્યતા.

(વસંતતિલકા વૃત્ત.)

धत्ते भरं कुसुम-पत्र-फलावलीनां, धर्मव्यथां वहति शीतभवां रुजं च;
यो देहमर्पयति चान्य सुखस्य हेतोस्तस्मै वदान्यगुरवे तरवे नमस्ते ॥ १ ॥

અથવા;

छायामन्यस्य कुर्वन्ति, तिष्ठन्ति स्वयमातपे;
फलान्यपि परार्थाय, "वृक्षा सत्पुरुषा इव" ॥ २ ॥

વૃક્ષોની સર્વાંગ-સર્વ પ્રકારે પારમાર્થિક કૃતિ નિહાળી કોઈ વિદ્વાન્ કહે છે કેઃ—આહા! આ વૃક્ષો આજન્મ પર્યંત ફૂલ-પાંદડાંઓ અને ફળોના જથ્થાનો ભાર સતત ઉપાડે છે, તાપથી ઉત્પન્ન થતી પીડાઓ પોતે જ સહન કરે છે, તથા ટાઢનાં દુઃખો પણ સહન કરે છે, એટલું જ નહીં પણ બીજાઓના સુખને માટે પોતાનો દેહ પણ અર્પણ કરે છે, એવા "દાનશીલ પુરુષોના ગુરુરૂપ હે વૃક્ષ!" હું તમને વારંવાર નમન કરૂં છું. !!!

બીજા શ્લોકમાં પણ એ જ રહસ્ય સમાવી તેના તારતમ્યરૂપે કહે છે કે "વૃક્ષો, એ સાક્ષાત્ સત્પુરુષો જ છે."

ભક્ત કવિશિરોમણી તુલસીદાસજી ખરૂં જ કહે છે કેઃ—

**"વર્ષા-વૃક્ષ-સંત અરૂ ધરની, પરહિતકાજ ચારૂ કી કરની."**

મહાત્મા કબીરજી પણ કહે છે કેઃ—

**"સરવર-તરવર-સંતજન, ચોથા વરસત મેહ;**
**પરમારથ કે કારણે— ચારૂ ધરત હે દેહ."**

સંસ્કૃત સાહિત્યકાર પણ કહે છે કેઃ—

रविश्चन्द्रो, घना, वृक्षा– नदी, गावश्च, सज्जना;
ए ते परोपकाराय, युगे देवेन निर्मिता ॥ १ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સૂર્ય, ચંદ્ર, વરસાદ, વૃક્ષ, નદી, ગાય, અને સજ્જન (સત્પુરુષ–સંત) એ બધી પરમાર્થિક વિભૂતિઓની યુગે યુગે તેની અસ્તિ હોયા કરે છે.

વ્હાલા વાચક બંધુઓ ! આ વૃક્ષાન્યોક્તિ સારાય જગતને કંઈ અનોખો બોધ આપી રહી છે, પરાયાં દુઃખો ફેડવા માટે પોતાનાં અંગોનું છેદનભેદન કરાવવા, અરે ! સર્વાંગનું સમર્પણ કરવા જે તૈયાર જોવામાં–અનુભવવામાં આવે છે, તેની ઉપમા સાચા સંત–સત્પુરુષ સિવાય બીજા કોને આપી શકાય? રાજર્ષિપ્રવર ભર્તૃહરિનું સારભર્યું સંક્ષિપ્ત વાક્ય સુપ્રસિદ્ધ છે કેઃ—

" परोपकाराय सताम् विभुतयः ॥ "

## આ અન્યોક્તિનું રહસ્ય.

(હરિગીત છંદ)

વૃક્ષો સજ્યાં વિશ્વંભરે, ફળ–પુષ્પ સૌરભ આપવા,
પરમાર્થનાં તત્ત્વો ઊંડાં, માનવહૃદયમાં સ્થાપવા;
પોતે સહે છે ટાઢ–તાપો, અડગ ધૈર્ય સદા ધરી,
ફળ,પત્ર,પુષ્પો,છાંય શિતળ, સર્વને આપે ઠરી. ૧
રાજાધિરાજ સમાન જો, આ આમ્રવૃક્ષ ઝુકી રહ્યું,
સ્વાર્થી મુસાફર હાથથી, અંગો વિષે સંકટ સહ્યું;
માર્ગીજનો ફળ કારણે, પત્થરતણા ઘા બહો કરે,
અમૃતસમું ફળ, એજ ઘા– કરનારના કરમાં ધરે ! ૨
એવો સ્વભાવ જ સંતનો, નહીં દ્વેષ–દૃષ્ટિ દિલમાં,
કષ્ટો અનેક સહે છતાં, નિશ્ચળ સદા નિજ શીલમાં;
છે ધન્ય ! જગમાં વૃક્ષને, નિર્માન મોટા સંતને,
એ સાર આ અન્યોક્તિનો, સ્પષ્ટ જ કહું મતિમંતને. ૩

દોહરો.

"આત્માનંદ પ્રકાશ" આ, આપે છે ઉપદેશ;
પંથ ગ્રહો પરમાર્થનો, નિત્ય વિશેષ વિશેષ !!

ભાવનગર.
વડવા
તા. ૨૦–૩–૪૧ ગુરુ

લી૦ સર્વનો શુભચિંતક,
**રેવાશંકર વાલજી બધેકા.**
નિવૃત્ત ધર્મોપદેશક, સં. ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લે૦ આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.

# ગુણાનુરાગ.

સંસારમાં ઘણાખરા માનવીઓ ગુણાનુરાગી બનવું પસંદ કરે છે અને તે ગુણી બનવાની ઈચ્છાવાળાનું મુખ્ય કર્તવ્ય છે; પરંતુ ગુણની સાચી ઓળખાણ ન હોવાથી ગુણને બદલે અવગુણજ મેળવે છે. માટે ગુણ શું વસ્તુ છે તેને સારી રીતે ઓળખ્યા પછીથી જ તેના અનુરાગવાળા થવું જોઇએ. જેના સંસર્ગથી અનીતિ અને અધર્મને માર્ગે દોરવાઈ જઇને આત્માનો અધઃપાત થતો હોય તો તે ગુણી નથી પણ અવગુણી છે. આવા અવગુણો મેળવવા છતાં પણ જો તેઓ ગુણાનુરાગીપણાનો દાવો કરતા હોય તો તેઓ ગંભીર ભૂલ કરે છે. ગુણી માણસના સંસર્ગથી દુરાચારી સદાચારી થાય છે પણ સદાચારી દુરાચારી થતો નથી.

ગુણ બે પ્રકારના હોય છે. એક તો મોહનીયકર્મના ક્ષય, ઉપશમ અને ક્ષયોપશમથી થવાવાળો આત્મવિકાસ સ્વરૂપ હોય છે અને બીજો પુન્યકર્મજન્ય. આ બન્ને પ્રકારના ગુણોમાંથી આત્મવિકાસ સ્વરૂપ ગુણ સાચો અને સર્વોત્કૃષ્ટ હોય છે. આવા સમતા, સમભાવ, શાંતિસ્વરૂપ રમણતા આદિ ગુણોને ગ્રહણ કરવાવાળા આત્માનંદી પુરુષોનો અનુરાગ કરવાવાળા અવશ્ય પોતાના આત્માને ગુણી બનાવી પરમકલ્યાણ સાધી શકે છે. દુનિયાની આપત્તિ-વિપત્તિ અને ઉપાધિથી બળેલા અને દુરાચારીઓના સહવાસથી અધઃપતને માર્ગે વળેલા ભાવીના અનિષ્ટથી બચી જઇને શાંતિ મેળવી સદાચારી બની શકે છે અને પોતાના આત્માને ઉન્નત બનાવી શકે છે.

ગુણ અને ધર્મમાં શબ્દાંતર છે પણ અર્થાંતર નથી. વસ્તુમાત્રના સ્વભાવને ધર્મ કહેવામાં આવે છે; જેમ કે અગ્નિનો સ્વભાવ દાહકતા, પાણીનો સ્વભાવ શીતળતા, સાકરનો સ્વભાવ મીઠાશ, કરિયાતાનો સ્વભાવ કડવાસ, તેમ જ આત્માનો સ્વભાવ જ્ઞાન, દર્શન, જીવન, સુખ અને જડનો સ્વભાવ વર્ણ, ગંધ, રસ વિ. વિ. આ પ્રમાણે વસ્તુનો સ્વભાવ તે ધર્મ અને ધર્મ તે જ ગુણ. સ્વભાવ, ધર્મ અને ગુણ ત્રણે એક જ વસ્તુ છે ફક્ત નામ જ જુદાં છે પણ વસ્તુની સાથે તો સ્વરૂપ સંબંધથી રહેવાવાળાં છે. વસ્તુને ધારણ કરી રાખે તે ધર્મ, વસ્તુનું અસ્તિત્વ જાળવી રાખે તે સ્વભાવ અને વસ્તુને ઓળખાવે તે ગુણ. જેને મિષ્ટાન્ન બનાવવાની ઇચ્છા થાય છે તે મીઠાશ માટે સાકરને ચાહે છે, જેને તાવ મટાડવાની ઇચ્છા હોય છે તે કરિયાતાને ચાહે છે, જેને તરસ મટાડવાની ઇચ્છા થાય છે તે પાણીને ચાહે છે, તેવી જ રીતે જેને સમ્યગ્જ્ઞાન, દર્શન આદિ આત્મિક ગુણો મેળવવાની ઈચ્છા થાય છે તે જેણે સમ્યગ્જ્ઞાન, દર્શન, સમભાવ આદિ આત્મિક ગુણોનો વિકાસ કર્યો હોય એવા વિકાસી પુરૂષોને ચાહે છે; પણ તેથી વિપરીત ગુણ–ધર્મવાળાને ચાહતા નથી. કદાચ અણજાણપણે વિપરીત ગુણ–ધર્મવાળી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વસ્તુ ચાહનાપૂર્વક ગ્રહણ થઈ ગઇ હોય તો કંઈક વિરૂપ પરિણામનો અનુભવ થતાંની સાથે જ મળની જેમ તે વસ્તુનો ત્યાગ કરે છે; કે જેને પછીથી કોઈ પણ વખત સ્મરણમાં લાવતો નથી; એટલું જ નહિ પણ ઈચ્છિત ગુણ મેળવવાની ઈચ્છાથી બીજી કોઇ વ્યક્તિ તે વસ્તુને ગ્રહણ કરતી હોય તો તેને અટકાવે છે.

માનવજાતિરૂપ વિભાવ–પર્યાયમાં વિચારતા આત્માઓ ગુણને ઉદ્દેશીને એકબીજા ઉપર અનુરાગવાળા થાય છે, પણ ગુણ–અવગુણના વિવેકશૂન્ય ઘણાખરા જીવો પોતાની અભ્યંતર અને બાહ્ય બંન્ને પ્રકારની સંપત્તિ ખોઈને અવગુણ મેળવે છે, અને ઉભયલોકથી ભ્રષ્ટ થઇને પોતાનું ઘણું જ અહિત કરે છે. જેઓ ગુણ–અવગુણનું અંતર જાણે છે તેઓ ગુણાભાસને લઈને અનુરાગવાળા થયા હોય તો પણ અવગુણનો અનુભવ થતાં તુરત વિરક્ત થઈ જાય છે, પણ અવગુણને વળગી રહી કદાગ્રહ સેવતા નથી અને એટલા માટે જ તેઓ સાચા સદ્ગુણીના અનુરાગી થઇને સદ્ગુણો મેળવી આત્માને વિકાસી બનાવી શકે છે.

મોહનીયના ઉપસમભાવથી પ્રગટ થયેલા આત્મિક ગુણવાળાના કષાય–વિષય ઉપશમી જવાથી અવગુણસ્વરૂપ અધર્મમાં પ્રવૃત્તિ હોતી નથી. જેથી કરીને ગુણ મેળવવા આશ્રિત બનેલા જીવો અશુભકર્મથી બંધાતા નથી; પણ મોહનીયના ઉપસમ વગર નામકર્મની પુન્યપ્રકૃતિથી અથવા તો અન્ય કર્મના ક્ષયોપશમથી વહેવારમાં ઓળખાતા કર્મજન્ય ગુણો જેમ કે–રૂપ, સુસ્વર, યશ, સારૂં સંઘયેણ, વિદ્વત્તા, લૌકિક સત્ય, લૌકિક પરોપકૃતિ વિ. વિ. પોતાના ગુણાનુરાગીને મોહની તીવ્રતાને લઇને ગુણી આત્મવિકાસી બનાવી શકતા નથી પણ કંઈક અંશે જો મોહનીયનો ક્ષયોપસમભાવ સાથે હોય તો પુન્યબંધના કારણ થઈ શકે છે; નહિ તો અવગુણો પ્રાપ્ત કરાવી કુમાર્ગે દોરી જનારા નિવડે છે; કારણ કે લૌકિક સત્યતા, લૌકિક પરોપકારીતા, વિદ્વતા કે ઈતર પુન્ય પ્રકૃતિજન્ય ગુણો, વિષય લોલુપતાપણું કે જડાશક્તપણાથી મુક્ત હોતા નથી. જેથી કરીને આવા ગુણોવાળી વ્યક્તિઓ પોતાનાઅનુરાગીઓ પાસેથી પોતાની શુદ્ર વિષય–વાસના પોષવાને તેમને અવળે માર્ગે દોરી જાય છે; અને અનુરાગથસ્ત આશ્રિતોની અનિચ્છા હોવા છતાં પણ અનુરાગથી અવળે માર્ગે દોરાય છે. અને જો અનુરાગી મોહના ઉપશમવાળા હોય તો આવા ગુણાભાસ અવગુણવાળાથી વિરક્ત બનીને અળગા થઈ જાય છે.

મોહના દાસ બનેલા વિષયાભિનંદી જડાશક્ત વિદ્વાનો, સત્યવાદીઓ, પરોપકારીઓ, અથવા તો સમતા, સમભાવ, ત્યાગી, ધ્યાની, આત્માનંદી આદિ વિકાસસ્વરૂપ સાચા ગુણોનો ડોળ કરીને કહેવાતા ગુણવાનોના અનુરાગીઓ પ્રાયઃ કરીને અનીતિના માર્ગે વળેલા દૃષ્ટિગોચર થશે; એટલું જ નહિ પણ ધર્મ, આત્મિક ગુણ મેળવવાના માર્ગથી પરાંમુખ થઇને અધર્મ–આત્મિક ગુણોને રોકનાર વિષયાશક્તપણાની વાટે વળીને અને જડાશક્ત અવગુણોને મેળવીને આનંદ મેળવશે. કારણ કે ઉપશમભાવ વગરના જડાશક્ત ગુણવાનો મંદતમ ઉપશમવાળા અનુરાગીઓની ધર્મશ્રદ્ધાને પોતાની વાસના તૃપ્ત કરવાને માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુયુક્તિઓ કરીને ફેરવી નાખવા પ્રયાસ કરે છે. જેમાં તેઓ સારી સફળતા મેળવી શકે છે; કારણ કે અનુરાગમાં આંધળો થયેલો પૂર્ણ વિશ્વાસુ હોવાથી તરત ધર્મ શ્રદ્ધાથી ભ્રષ્ટ થઇને અધર્મના માર્ગે દોરાય જાય છે. આવા આંધળા અનુરાગીઓ મંદતર ઉપશમભાવના અંશથી પોતાનું અહિત જાણવા છતાં પણ અવકૃપાના ભયથી પોતે માનેલા ગુણવાનોને આધીન થાય છે. પ્રથમ તો તેમને અનીતિના માર્ગે જતાં કાંઇક ગ્લાનિ થાય છે; પણ પછીથી તેઓ ટેવાઈ જવાથી નિધ્વંસ પરિણામવાળા થઇ જાય છે. કારણ કે નિરંતર અવગુણીના સહવાસથી તેમના અંદર રહેલી ધર્મભાવના સર્વથા ભૂંસાઈ જાય છે. જેથી કરીને અનીતિ અને અધર્મના કાર્યોમાં પ્રવૃત્તિ કરતાં તેમને જરાએ ઘૃણા આવતી નથી, તેમજ તેમનું હ્રદય કઠણ થઈ ગએલું હોવાથી પાછળથી તેમને પશ્ચાતાપ પણ થતો નથી. આવા જીવો ભવિષ્યમાં જ્યારે આપત્તિગ્રસ્ત થાય છે ત્યારેજ તેમની આંખો ઉઘડે છે.

વક્તૃતા–બોલવાની છટા, સુંદર રૂપ, સારો કંઠ આદિ પુણ્યપ્રકૃતિજન્ય કહેવાતા ગુણોથી આકર્ષાઇને જેઓ મોહિત થાય છે, તે મોહના ઉદયથી થવાવાળો એક પ્રકારનો અપ્રશસ્ત રાગ છે. એટલા માટે જ એમને મોહિત થયેલા કહેવામાં આવે છે. પણ અનુરાગવાળા થયા છે એમ કહેવામાં આવતું નથી. અને જપ, તપ, વૈરાગ્ય, સંયમ, ત્યાગ આદિનો આદર કરનારાઓના પ્રત્યે પૂજ્યભાવે નમ્રતા ધારણ કરનારા હોય, (પછી તે જપ–તપ આદિ ઉપસમભાવના હોય કે ડોળ–માત્ર હોય) તેઓ અનુરાગી કહેવાય છે; પણ મોહિત થયેલા કહેવાતા નથી; કારણ કે જપ, તપ, આદિ આત્મિક ગુણો મેળવવાના સાધન છે. તેમાં આત્મિક ગુણોનો આરોપ કરીને ગુણ તરિકે માનીને અનુરાગ કરવામાં આવતો હોવાથી ગુણાનુરાગ કહેવાય છે, અને તેમાં મોહનો ઉપશમભાવ રહેલો હોવાથી નિર્વિકાર હોય છે. આત્મગુણાનુરાગી ઉપશમભાવ વિના થઈ શકાતું નથી. મોહનીયથી ભિન્ન કર્મોના ક્ષયોપશમથી કે પુન્ય પ્રકૃતિજન્ય કહેવાતા ગુણોના રાગી થવું તે મોહિત થવું કહેવાય છે અને તે મોહના ઉદયથી થાય છે, માટે જ તે વિકારવાળું હોય છે. જે કહેવાતા ગુણોથી મોહિત થાય છે તે ઘણું કરીને અનીતિ તથા અધર્મના માર્ગે દોરવાઈ જાય છે; તેમજ ઔદયિક ભાવવાળા, જગતમાં વખણાતા કર્મજન્ય ગુણોવાળા પણ પોતાના ઉપર મોહિત થયેલાને અધર્મ તથા અનીતિના માર્ગે દોરી જાય છે; ત્યારે ઉપશમભાવે આત્મિક ગુણોથી ગુણી બનેલાના અનુરાગીઓ ધર્મના માર્ગે ગમન કરનારા હોય છે. કારણ કે સાચા ગુણી મહાપુરૂષો પોતાના અનુરાગીઓને સાચા ગુણી બનાવવાની ભાવના અને પ્રયાસવાળા હોય છે. સાચા ગુણી અને ગુણાનુરાગી બંને ઉપસમભાવવાળા હોવાથી નિર્વિકાર હોય છે. જેથી કરીને બન્ને ગુણોના વિકાસ કરીને પોતાનું શ્રેય સાધી શકે છે. ત્યારે ઔદયિક ભાવે ગુણી બનેલા અને તેના ઉપર મોહિત થયેલા બન્ને અવગુણોને વધારીને પોતાનું અકલ્યાણ કરનારા હોય છે. કારણ કે બંને સવિકાર હોવાથી એક બીજા ઉપર મોહિત થયેલા હોય છે, એટલે તેઓ સાચા ગુણાનુરાગથી વેગળા રહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યાં ગુણાનુરાગ હોય છે ત્યાં ધર્માનુરાગ હોય છે; અને જ્યાં ધર્માનુરાગ હોતો નથી ત્યાં ગુણાનુરાગ પણ હોતો નથી. કારણ કે ઉપર બતાવ્યા પ્રમાણે ગુણ અને ધર્મમાં અંતર નથી. એટલા માટે જેઓ ગુણી હોય છે તેમનામાં મોહનીયનો ક્ષય, ઉપસમ કે ક્ષયોપસમ અવશ્ય હોય છે; જેથી કરીને તેઓ જડાશક્તિથી મુક્ત હોવાથી આત્માનંદી હોય છે. માટેજ તેઓ સાચા ગુણી હોવાથી ધર્મીતરિકે ઓળખાય છે. આવા પુરુષોનો અનુરાગી આત્મધર્મથી પરાંમુખ હોતા નથી કારણ કે આત્મગુણાનુરાગીને પુદ્ગલના ગુણો ગમતા નથી, એટલે તેઓ પૌદ્ગલિક ગુણોની રૂચિવાળા હોતા નથી અને એટલા જ માટે અધર્મના માર્ગે દોરવાતા નથી. સંસારમાં જેટલા જીવો મોહનીયના તીવ્ર ઉદયવાળા હોય છે, તેઓ પુદ્ગલાનંદી જડાશક્ત હોય છે; અને જેઓ જડાશક્ત હોય છે તે વિષયતૃપ્તિ માટે અવશ્ય અધર્મના માર્ગે ગમન કરનારા હોય છે. પાંચે, ઇંદ્રિયોને પ્રિય જડના ગુણધર્મના રાગી બનવું તે આસક્તિ અને તે ગુણાનુરાગ નહિ પણ વિષયાનુરાગ કહેવાય છે. જેઓ વિષયાનુરાગી હોય છે તેઓ ધર્માનુરાગી હોતા નથી; જેથી કરીને તેઓ જ્ઞાનાદિ ગુણોનો વિકાસ કરી શકતા નથી.

સંસારમાં બે ધર્મ છે. એક તો ચૈતન્ય ધર્મ અને બીજો જડધર્મ. જડધર્મમાં આશક્ત બનીને તેને મેળવવા પ્રયાસ કરવો તે અધર્મની પ્રવૃત્તિ કહેવાય છે. અને જ્ઞાન, દર્શન, સમભાવ આદિ ચૈતન્યધર્મના રાગી બનીને તેનો વિકાસ કરવા પ્રયાસ કરવો તે ધર્મની પ્રવૃત્તિ કહેવાય છે. આત્મિકધર્મનો વિકાસ કરવા, વિકાસી પુરૂષોના ઉપર અનુરાગ કરનારા ગુણાનુરાગી ધર્મી તરીકે ઓળખાય છે. અને કોઇપણ ઇંદ્રિયના વિષયની તૃપ્તિ માટે વિલાસી પુરૂષોના ઉપર આસક્ત થનારા વિષયાનુરાગી અધર્મી તરીકે ઓળખાય છે. જે પ્રવૃત્તિ કરવાથી જ્ઞાન, દર્શન, વિષય વિરક્તપણું, સમભાવ આદિ આત્મિક ગુણોનો વિકાસ થાય તે ધાર્મિક પ્રવૃત્તિ અને એવી પ્રવૃત્તિ કરનારા ધર્મી અને જે પ્રવૃત્તિથી આત્મિકગુણો ઢંકાઈ જઇને વિસમભાવ, અજ્ઞાન, વિષયાશક્તપણું, પુદ્ગલાનંદીપણું આદિ પ્રાપ્ત થાય તે અધર્મની પ્રવૃત્તિ અને એવી પ્રવૃત્તિ કરનારા અધર્મી કહેવાય છે. અર્થાત આત્મધર્મ છોડીને પરધર્મ સેવવો તે અધર્મ; કારણકે પરધર્મ સેવવાથી આત્મધર્મ ઢંકાઈ જાય છે, માટે તેને અધર્મ કહેવામાં આવે છે. અને પરજડધર્મનો ત્યાગ કરીને આત્મધર્મનું સેવન કરવું તે ધર્મ. સ્વધર્મનું સેવન અને પરધર્મનો ત્યાગ કરવાથી આત્મધર્મનો વિકાસ થાય છે, માટે જ તે ધર્મ કહેવાય છે. મોહના ઉપસમભાવવાળા આત્મધર્મ પ્રિય જીવો આત્મધર્મના વિકાસને માટે ઉપશમભાવવાળા જીવોના અવશ્ય અનુરાગી બને છે, માટે એવા જીવો ગુણાનુરાગીની પંક્તિમાં ભળી શકે છે. પર-જડધર્મ પ્રિય વિલાસી જીવો ક્ષણિક પૌદ્ગલિક સુખ તથા આનંદ માટે પૌદ્ગલિક ઉપાધિને ધારણ કરનારા વિલાસપ્રિય આત્માઓમાં આસક્ત થાય છે તેઓ ગુણાનુરાગીની પંક્તિમાં ભળી શકતા નથી કારણકે વિકાસ ગુણ છે, પણ વિલાસ ગુણ નથી, આસક્તિ છે. ચૈતન્ય જગતમાં આત્મસ્વભાવ, ધર્મને ગુણ માન-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વામાં આવે છે. પણ આત્મવિભાવ અથવા તો જડના સ્વભાવ–ધર્મને ગુણ માનવામાં આવતો નથી. જે આત્માનો વિભાવ છે તે મોહનીય આદિ કર્મથી ઉત્પન્ન થયેલો એક પ્રકારનો વિકાર છે માટે ગુણ નથી. કારણકે તે કોઈ શુદ્ધ દ્રવ્યનો ધર્મ નથી અને જડનો ધર્મ આત્માથી ભિન્ન છે, આત્મધર્મનો ઘાતક છે, તેમજ વિકૃતિસ્વરૂપ છે, માટે ગુણ નથી પણ નિર્વિકાર જ્ઞાન, દર્શન, સમભાવ આદિને જ આત્મવિકાસ મેળવનારાંઓએ ગુણ માનીને તેના અનુરાગી થવું જોઇએ. જેમ ઇંદ્ર, સચિપતિ, સહસ્રાક્ષ, વિશિષ્ટદેવને ઓળખાવનારા નામાંતરો છે, તેમ સ્વભાવ, ધર્મ, ગુણ આત્મદ્રવ્યને ઓળખાવનારા નામાંતરો છે. એમ ઉપર સ્પષ્ટિકરણ કરવામાં આવ્યું છે. જ્ઞાન, દર્શન, જીવન, સુખ, ક્ષમા, સમભાવ આદિ આત્માના ગુણ કહેવાય છે; તેમજ સ્વભાવ અને ધર્મ પણ કહેવાય છે. આત્મદ્રવ્યમાં ઉપાધિને લઇને ભેદ પડે છે. મોહનીય આદિ કર્મના આવરણવાળા આત્માઓ વિભાવદશાને પ્રાપ્ત થયેલા કહેવાય છે, માટે એવા આત્મામાં ઉત્પન્ન થયેલા ગુણને વૈભાકવિ ગુણ કહેવામાં આવે છે; અને તે વિકૃત સ્વરૂપવાળા હોવાથી સ્વાભાવિક ગુણોથી ભિન્ન સ્વરૂપવાળા હોય છે. સ્વાભાવિક ગુણો દ્રવ્ય સ્વરૂપ હોવાથી દ્રવ્યનું અસ્તિત્વ હોય ત્યાં સુધી રહેવાવાળા હોય છે. ત્યારે વૈભાવિક ગુણ પરિવર્તનશીલ હોય છે. જેમ પાણીનો સ્વાભાવિક ગુણ શીતળતા હોય છે અને અગ્નિનો ગુણ ઉષ્ણતા–દાહકતા હોય છે. જ્યારે પાણી ચૂલા ઉપર મૂકીને નીચે દેવતા સળગાવવામાં આવે છે ત્યારે બન્ને વિરોધી ગુણ ધર્મવાળા હોવા છતાં પણ બન્ને સંયોગ સંબંધથી ભળી જાય છે. ત્યારે બન્ને વિભાવદશાને પ્રાપ્ત થવાથી અગ્નિમાં બાળીને રાખ કરવું, પ્રકાશ કરવો અને પાણીનો શીતળતા આપવા વિ. વિ. જે સ્વાભાવિક ગુણો છે તે ઢંકાઈ જાય છે અને વૈભાવિક ગુણ પ્રગટ થાય છે કે જે બાળીને ભસ્મ કરવા સ્વરૂપ કે પ્રકાશ કરવા સ્વરૂપ હોતો નથી; તેમજ શીતળતા સ્વરૂપ હોતો નથી. એવી જ રીતે વિરોધી ધર્મવાળા આત્મા અને પૌદ્ગલિક કર્મનો સંબંધ થાય છે ત્યારે વૈભાવિક ગુણ ઉત્પન્ન થાય છે; કે જે ગુણ બન્ને દ્રવ્યોમાંથી કોઈનો પણ સ્વાભાવિક હોતો નથી અને તેને વિભાવ તરીકે ઓળખવામાં આવે છે. જ્યારે બન્ને દ્રવ્યો અલગ થઈ જાય છે ત્યારે આત્માના સ્વાભાવિક જ્ઞાન, દર્શન, સમભાવ આદિ ગુણોનો વિકાસ થાય છે, કે જે ગુણોના અનુરાગીને વિકાસી બનાવી શકે છે; માટે જેઓ કષાય, વિષય આદિ આશ્રિત વૈભાવિક ગુણોના અનુરાગી થઈને ગુણાનુરાગી હોવાનો દાવો કરે છે તેઓ ભૂલ કરે છે અથવા તો તેમની અજ્ઞાનતા છે; કારણ કે આવા પોતાને ગુણાનુરાગી માનનારાઓના અંદર વિષયાદિનો ઉપશમભાવ જોવામાં આવતો નથી, પણ વિશેષતા જોવામાં આવે છે. તેમજ જેના અંદર ગુણની ભ્રમણાથી રાગ કરવામાં આવેલો હોય છે તેના સહવાસથી ધર્મભ્રષ્ટતા તથા અનીતિ આચરણના સંસ્કારો પડેલાં જોવામાં આવે છે, માટે જ આ ગુણાનુરાગ નથી પણ ઉપર બતાવ્યા પ્રમાણે મોહાનુરાગ અથવા વિષયાનુરાગ છે, આવા અનુરાગીઓ આત્મિક ગુણનો વિકાસ કરી પોતાનું શ્રેય સાધી શકતા નથી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લેખક:-મુનિશ્રી હંસસાગરજી મહારાજ.

# પ્રભુ મહાવીરે મોહમસ્ત જગતને ત્યાગધર્મ જ કેમ આપ્યો ?

( ગતાંક પૃષ્ઠ ૨૨૦ થી શરૂ )

અસમાનતાના સહજ ભાવને નહિં ઉકેલવાને, તથા કમળ અને ભ્રમરના દૃષ્ટાંતે ભોગ્ય અને ભોગીની તારતમ્યતાને નહિં સમજવાને લીધે, કેટલાકો આજે સ્ત્રીને પુરુષ સમાન હક્ક આપવાની વાતો તો કરી રહ્યા છે પણ તેથી તો માત્ર તેઓ સ્ત્રીને પુરુષવત્ અન્ય પુરુષની જોડે પણ હાથોહાથ મીલાવીને યથચ્છ ફરવું, નાટકસિનેમા જોવાં, પાનબીડાં ફૂંકવાં, છુટછત્રી ધરવાં, સેન્ટ, અત્તર અને પાઉડરાદિ લગાવી ખુલ્લે માથે ફરવું, હોટેલચાટલનાં અભક્ષ્ય અને એઠાં આરોગવાં, માહક અને વિકારજન્ય અંગોપાંગાદિને અબાધદર્શક બારીક અને અર્ધાં વસ્ત્રો ધરવાં, યાવત્ સીવીલ મેરેઝ કે પુનર્લગ્નાદિ હકકો આપી શકે; બહુ તો મૂછકટીંગાદિ નિત્ય સફાચટ પ્રયોગો સેવીને સ્વયમપિ સ્ત્રીમુખ બનીને સ્ત્રીને અને અબોડો કપાવીને ય સમાન શીરાભાસ કરાવીને સ્ત્રી, પુરુષને સમાન હક્કનો ભાસ કરાવી શકે છે !

**માટે ગુણી બનવાની ઇચ્છા રાખનારે નિર્વિકાર મોહનીયના ઉપશમભાવને પ્રાપ્ત થયેલા સાચા આત્મિક ગુણના વિકાસી મહાપુરુષોનો અનુરાગ કરીને પોતાના આત્માનું શ્રેય સાધવું જોઇએ, પણ મોહનીયના તીવ્ર ઉદયથી વિષયાનંદીપણારૂપ અવગુણોના આશ્રિત થયેલા અને પુણ્ય પ્રકૃતિથી મેળવેલ વૈભાવિક ગુણોદ્વારા પોતાના રાગીઓને ધર્મભ્રષ્ટકરી અનીતિના માર્ગે ઉતારીને અવગુણોથી વાસિત કરનારાઓનો રાગ કરીને ગુણાનુરાગના ભ્રમથી આત્માનો અધઃપાત કરી અમૃતમય માનવજીવનને વિષયોથી વિષમય ન બનાવવું જોઈએ.**

એ સિવાય સ્ત્રીપુરુષની ચાલ પદ્ધતિ, 'પુરુષ ચાલતી વેળા પ્રથમ જમણો અને સ્ત્રી ડાબો પગ ઉપાડે છે તે.' નેત્રસ્ફુરણે લાભાલાભ પદ્ધતિ, 'પુરુષને જમણું અને સ્ત્રીને ડાબું નેત્ર ફરકવાથી લાભ અને વિપરીતે અલાભ થાય છે તે.' નાડી પદ્ધતિ, 'પુરુષની જમણા હાથની અને સ્ત્રીની ડાબા હાથની નાડી જોવાથી જ ચોક્કસ વ્યાધિનિદાન થાય છે તે.' ભયદર્શક સોજાપદ્ધતિ, 'પુરુષને ઘુંટી અને સ્ત્રીને ડુંટીએ સોજો આવવાથી મરણભય કલ્પાય છે તે.' લઘુનીતિ વડીનીતિ પદ્ધતિ, 'પુરુષ પૂંઠ ફેરવીને અને એકલો બેસે છે, જ્યારે સ્ત્રી તો સન્મુખ જ અને બે પાંચાદિ સાથે બેસે છે તે.' સ્નાન પદ્ધતિ, 'પુરુષ વસ્ત્રયુક્ત અને સ્ત્રી નિર્વસ્ત્ર સ્નાન કરે છે તે.' પ્રકટ અને ગુપ્ત દેહપ્રદેશોની મોહકતા-કોમળતા અને સતત તારતમ્યતા.' વસ્ત્ર પરિધાન પદ્ધતિ, 'પુરુષ ધોતીયું કે પાટલુન, ખમીસ, કોટ કે કડીયું, પાઘડી, ફેંટો કે ટોપી પહેરે છે જ્યારે સ્ત્રી સાડી કે છાયલ, ચોળી, પોલકું કે કાપડું અને ચણીયો કે લેંઘો પહેરે છે તે.' આભૂષણપદ્ધતિ 'પુરુષ કંદોરો, કડું, ચેન કે છેડો આદિ પહેરે છે જ્યારે સ્ત્રી કડાં, બંગડી કે ચૂડલો, નાકમાં ચૂંક, વાળી કે નથ, કાનમાં કાંટા, ઠોળીયું કે પોખાની અને પગમાં કડલાં, સાંકળાં કે બેડી પહેરે છે તે.' યાવત્ અન્ય પુરુષસહ અશયનત્વ, સ્ત્રીત્વ, પુરુષત્વ, ગર્ભસ્થપનત્વ, ગર્ભાધાનત્વ અને પ્રસુતિત્વાદિને અન્યોઅન્ય સેવી સેવરાવીને સર્વ સમાનહક્કની આપલે કરી શકે તેમજ ક્યાં છે ?

કારણ કે સ્ત્રીનાં સહજભાવી કાર્યો સ્ત્રી કરી શકે છે અને પુરુષનાં સહજભાવી કાર્યો પુરુષ જ કરી શકે છે ! અને એથી તો આર્યપ્રજાના દીર્ઘ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાલીન આપ્ત પુરુષોએ અપૂર્વ જ્ઞાનબળે ક્યારનુંયે તેમ સુનિશ્ચિત કરેલું હોવાથી સહુસહુનાં કાર્યોમાં સહુ નિયમિત રત છે. એમાં કોઈને અસંતોષ જ ક્યાં છે ? ગાયને ક્વચિત્ એમ થઈ આવે કે આખલો થાઉં અને આખલાને ક્વચિત્ એમ થઈ આવે કે હું ગાય થાઉં તે બનવું સંભવિત છે ? પૂર્વકર્મવશાત્ સર્વ જીવો પૃથક્ પૃથક્ સ્થિતિમાં મૂકાયા છે. જેથી જેને વિશિષ્ટ બનવાની ઇચ્છા હોય તેમણે પણ પરભવમાં વિશિષ્ટ કરનારને ધર્મને જ સેવવા સિવાય સ્વચ્છંદી બનવું એ અનર્થકારી જ છે ! તેમ છતાંય સમાન હક્કે જ ચડવું હોય તો સમાનતાના ચાળાવાળાઓમાંથી અદ્યાપિ પર્યંત એકાદ વ્યક્તિએ પણ જે ઉપરોક્ત રીતિએ સર્વ પ્રકારે સમાન આપ–લે કરીને જગપ્રસિદ્ધિ મેળવી જ નથી તે પ્રસિદ્ધિ જ પ્રથમ મેળવવી ઉચિત છે ! એ સિવાય એવું વજુદ વિનાનું બોલનારાઓમાં જનતા શ્યે વિશ્વાસ સ્થાપે ?

## સમજહીન સમાન હક્કની વાતોથી અધઃપતન જ છે !

ઉપરોક્ત રીતિએ સમાન હક્કની વાતો પોકલ જ છે એટલું જ નહિં પણ એથી તો ભદ્રિક લલનાઓનું નૈતિક અધઃપતન જ છે ! અગડંબગડં એ વાગ્જાળમાં ફસાયલી સ્ત્રી પાલક પતિ પાસે પણ સમાન હક્કના દાવા ખડા કરીને સ્વધર્મ ચૂકવા સાથે સ્વચ્છંદે પડવાના પરિણામે પતિનાં હાર્દિક આદર, સંરક્ષણ અને ફરજના ઉપભોગથી વંચિત થાય છે ! અને એથી ક્રમે દરેક આર્યમર્યાદા લોપીને, સતીત્વને જોખમાવીને અને ક્વચિત્ ખ્યાતિ સાથે જાતિને પણ ખોઈ બેસીને એ આર્યબાળા અતોભ્રષ્ટ તતોભ્રષ્ટ થાય છે ! અર્થાત્ ન આર્યમાં કે ન અનાર્યમાં એ લેખાય છે.

## આર્યધર્મે તો વાસ્તવિક સમાન હક્કનું યાવજ્જીવન સમર્પણ કર્યું છે !

આર્યધર્મ (નીતિ) તો–" આ એની સ્ત્રી તેમ એ એનો પતિ, એ રીતિએ ઉભય પણ અન્યોઅન્ય ગાઢ સંબંધી, બંનેના દેહ ઉપર પણ બંનેની સમાન માલીકી, હાટહવેલી પણ બંનેની જ માલીકીનાં, સ્વજનકુટુંબ પણ બંનેનાં સમાન સંબંધી, બાળબચ્ચાં પણ બંનેની માલીકીનાં, ઇજ્જત–આબરૂ પણ અરસ્પરસ સમકક્ષ, પાનખાનાદિ પણ સમકક્ષ. સ્વસ્વકાર્યે ઉભય સ્વતંત્ર, સગાંસંબંધી કે તીર્થયાત્રાદિમાં ગમનાગમને પણ સમકક્ષ, એ સિવાય વ્રત–તપ–જપ–યમ–નિયમ–દાન અને શીલાદિ ધર્મમાં પણ ઉભય અનિવાર્ય સ્વતંત્ર ! એ રીતિએ " ઉભયને અનિવાર્ય સ્વતંત્રતાપૂર્વક સમાજ હક્ક સમર્પક છતાં ય–

## આર્યબાળાને તો અસમાન જ હક્ક સમર્પે છે!

અને તે એ છે કે ઉપરોક્ત દરેક કાર્યનિર્વાહ માટેના દ્રવ્યોપાર્જન, ઇજ્જતોપાર્જન, સંબંધોપાર્જન અને તે દરેકનાં ખંતપૂર્ણ સસંરક્ષણના જબરદસ્ત બોજાથી અબળાને તો નિશ્ચિંત નીરાળી રાખે છે અર્થાત્ એ દરેક બોજો પુરુષના શિરે જ મૂકે છે !

## એમ છતાં ય આર્યપુરુષ અબળાને કેઇગુણી અધિક રાખે છે.

તે પણ એ રીતિએ કે પોતે ચ્હાય તેવાં કે તેટલાં સબળાં કે નબળાં વસ્ત્રાભૂષણ ધરવાની સ્થિતિમાં હોય છતાં ય સ્ત્રીને તો એથી કેઇગણા અને કિંમતી વસ્ત્રાભૂષણોથી ઢાંકે છે ! અન્નપાનાદિ સર્વસ્વ પણ કામી લાવીને પોતે જ ઘરમાં ભરતો હોવા છતાં ય એ સમસ્ત પદાર્થોનો ક્યાં કેટલો અને કેવી રીતે ઉપયોગ કરવો ? એ સર્વ સ્ત્રીની જ ઇચ્છા ઉપર છોડી દઇને તેમાં કશીય દખલગીરી વિના જ પોતે તો ઠંડું કે ગરમ જે પીરસ્યું તે આરોગીને ચુપચૂપ ઘરબ્હાર ચાલ્યો જાય છે ! આર્યબાળા પ્રત્યેની આર્યપુરુષની આ અપૂર્વ અસમાનતા તો આજના પોલા સમાન હક્કવાદીઓને ખટકતી નહિં હોયને ?

એ સિવાય તો આર્યબાળાઓની અપૂર્વ અસમાનતાને પણ કહેવાતા કેળવાયલાઓ દાસીત્વ કેમ ગાય ? ભાઇ કુસુમ ! સ્વજનકુટુંબાદિના ભરણ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોષણ અને સંરક્ષણની જવાબદારી ઉભયની ય સમાન હોવા છતાં ય એ દરેક પુરુષ જ કેમ નિર્વહે છે એ ખ્યાલમાં આવે છે? નહિ, તો સાંભળ. એટલા જ માટે કે અબળા પણ ભવિષ્યમાં સબળા બનાવનાર પતિવ્રતાધર્મના અવ્યાબાધ પાલનાર્થે આજીવન પોતાનું જ શરણાગત સુપાત્ર બનેલ હોવાથી પોતાની છાયામાં સુરક્ષિત રહીને સુનિશ્ચિતપણે એ પરમ ધર્મનું પાલન કેમ સુખપૂર્વક કરે એ જ આર્ય પુરુષની અહોનિશ સબળ ફરજથી કદીય ન ખસું, એ જ એની સદાસર્વદા તમન્ના! એ સદ્‌ભાવનાના યોગે જ આર્યપુરુષ બહારની પણ આકંઠ આધિ, વ્યાધિ અને ઉપાધિથી સ્ત્રીને સદાય નિર્લેપ રાખવા જ ચાહે છે અને રાખે જ છે!

પતિ તરફથી એ રીતિએ સમસ્ત પ્રકારે સંરક્ષણ પામવા ભાગ્યવાન્ બનેલી એ બાળા–દેહ, સંતતિ અને વ્રતપાલને પણ પતિપસાયે સમર્થ થતી એ અબળા પણ આર્યા જ હોઇને પોતાના પ્રાણથી પણ અધિક પ્યારા સ્વામીનાથને શ્યે વિસરે? એ ચિંતા એ સતીશીલાને અહર્નિશ જાગૃત છતાં આ ભવે તો એ અબળા (નિર્બળા) જ હોવાથી પતિના એ અજોડ ઉપકારનો બદલો પણ શી રીતે વાળી શકે?

તો પણ પતિના એ ભારી ઉપકારના બદલામાં એ આર્યસુશીલા પોતાના એ પ્રાણાધારની આજીવન યત્કિંચિત્ સેવાથી ય ચ્યુત થવું એ તો એને પાલવે જ શ્યે?

ભાઇ કુસુમ! એ રીતિએ ન્યાયપ્રવીણ આર્યાએ સ્વયં અપનાવેલી પતિસેવારૂપ વાસ્તવિક ફરજને કહેવાતા વિચારકો પરતંત્રતા લેખવામાં ભીંત જ ભૂલે છે એમ હવે તો તને ચોક્કસ જ સમજાયું હશે! તેઓએ સ્ત્રીથી બજાવાતી એ ફરજને જ સ્ત્રીનું દાસીત્વ પોકારવાવડે આર્યઅબળાઓના નૈતિક સમાચરણના અધઃપતનને જ નોતરીને સ્ત્રીસમાજ ઉપર ખરેખર ભારી અનર્થ જ આદર્યો છે એ પણ તને હવે સમજાયા વિના નહિં રહે! ફરજને ય દાસીત્વ પોકારીને સ્ત્રીને એ દાસીત્વથી મુક્ત કરવામાં પણ પોતાની જાતને તેઓ વ્યાજબી મનાવતા હોય તો તેઓએ તો પુરુષ છતાં ય અનેક પુરુષોની 'માસિક પચીસ કે પચાસ માત્રથી પણ' આજીવન ઉઠાવાતી ગુલામીને પહેલે તબકકે જ જલાંજલી આપવી વધુ સમુચિત છે.

તેમ કરવા તેઓ તૈયાર છે? નહિ. કેમ? આજીવિકા ચાલે છે! તો ભાઇ કુસમ! પત્ની તો પતિને આધીન રહેતાં નિશ્ચિંતપણે જ પેટપુર અન્નપાન, વસ્ત્રાભૂષણ, હાટહવેલી, સંતતિ, પતિનાં તન, મન અને ધન સર્વસ્વ સાથે પરભવને વિષે પણ પરમહિતકારી એવા પતિવ્રતાધર્મ (શીલધર્મ)ના અખંડ પાલનરૂપ અજોડ અને અપૂર્વ આજીવિકા સંપાદન કરે છે એવી પુણ્યવાન્ અબળા પતિ પ્રત્યે કહેવાતું દાસીત્વ શ્યે તજે!

કૃત્રિમ સ્વતંત્રતાને બહાને ભદ્રિક આર્યબાળાઓની એ રીતિની વાસ્તવિક ઉત્કટ સ્વતંત્રતાને મટ્ટીમાં જ રોળવી ઇષ્ટ હોય તો પણ તેવાઓને એક પ્રશ્ન છે કે–ભોળી લલનાઓના કયા અપરાધને લીધે તેણીઓના એ પરમજીવનને હણવા તેઓ સજ્જ થાય છે?

જે દેશમાં કે જે સ્થાને સ્ત્રીને સ્વચ્છંદે ચાલીને અનેક પતિત્વ સ્વીકારને સંક્ષોભ નથી તેની આટલી રક્ષા આજે પણ કયો મૂર્ખ કરે છે? ફાવે ત્યાં ભટકનારને ભાલે તો અનેકની પરતંત્રતાના યોગે આલેખાયેલાં અકથ્ય દુઃખો કોને અનુભવગમ્ય નથી? અન્તે અનેક વ્યાધિ અને દુઃસ્થાવસ્થાશ્રિતપણે અશરણ અને કરુણ પીડાતી પણ એ બાળા સમસ્ત જગતનેય ઉપક્ષેય કયાં નથી બનતી?

ભોળી બાળાઓનાં પરમહિતને જમીનદોસ્ત કરવા મથનારાઓ આજે સમસ્ત પ્રજાની જ પરંતત્રતાને તો ગૌણ જ કરીને સ્ત્રી વાસ્તવિક ઉત્કટ સ્વતંત્રતાને મુખ્ય પરતંત્રતા મનાવવામાં એ રીતિએ ગેરવાજબી જ હોવા છતાં એ વિષયને અતિ મહત્ત્વ આપતા હોવાથી તેમનો ફક્ત સ્વવિષયપિપાસુ મનોરથ જ યેનકેન પૂર્ણ કરવાનો એ માર્ગે હેતુ હોય, એમ પણ કેમ ન મનાય?"

"ભાઈ મનસુખ! તારી શોધે નીકળવામાં પણ હું બદ આશયથી જ હતો! પણ મારા મહાન્ પુણ્યોદયે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તારા યુક્તિપુરઃસરના વચનામૃતોનાં દીર્ઘકાલીન પાનપાનવડે આંતરજીવનને સમજવાનો આજે મને દીર્ઘ અને અપૂર્વ સમય પ્રાપ્ત થતાં એ દુરાશયથી સર્વથા જ વિરમવાનો મેં મારા મન સાથે હવે તો નિરધાર કર્યો છે.

પરમહિતકારી આર્યસંસ્કૃતિને બેવફા બનેલા આર્યઆત્માઓ આર્યજગતને કેટલા શ્રાપરૂપ છે, એ તારા નિઃસંદેહ, તલસ્પર્શી વક્તવ્યથી હું સાફ સાફ સમજી શક્યો છું. યદ્યપિ હું પણ એ મુગ્ધોની જાળમાં ફસાઈને આર્યસંસ્કૃતિને ઉખેડવા જ મથતો હતો તો પણ હવે મને તે બદલ જે દુઃખ થાય છે તે કથવા જ અસમર્થ હોઇને એ વિષે વિરમીશ.

ભાઈ મનસુખ ! મારા ઉપર કૃપા કરીને નિશ્ચય માની લે કે હવેથી હું તારો પરમ વિશ્વાસપાત્ર મિત્ર જ હોઇને ચુસ્ત આર્ય જ છું. બન્ધુ ! તારી અતિ રસાળ, પ્રેમાળ અને આત્મતત્ત્વનાં અઢળક અમીઝરણાં પીરસતી વાતોનું સમસ્ત દિવસ આકંઠ આપાન કરતાં તારાં અને મારાં ભૂખતૃષાદિને તો હું સદંતર વિસરી જ ગયો ! હવે તો સૂર્યાસ્ત થવા આવ્યો છે. વ્હાલા બન્ધુ ! ચાલુ વિષય પણ અતિ મહત્વનો અને રસપૂર્ણ જ્ઞાનસિંચક હોઇને તારાવડે એને સંપૂર્ણ હૃદયગત કરવાની મને અતિ જિજ્ઞાસા છે. છતાં એ વિષયે જ મારા પાપી અને દુઃખી દિલને વચમાં જ બોલવાની આવશ્યકતા ખડી કરી છે ! અને તેથી તે અને બીજો પણ શેષ વિષય અવસરે છણવાનું રાખીને હાલ તો મારી પાપકથાને સાંભળીને મને કૃતાર્થ કર !

વ્હાલા બન્ધુ ! મને સમજાયું કે તારી દીક્ષાના અનેક વિઘ્નથી તને થએલા ભારી દુઃખમાં બેન વાસંતી અચાનક ગુમ થવાથી ખૂબ જ વધારો થવો એ જ તારે ઘર છોડી નાશી છૂટવાનું કારણ છે ! ભાઇ મનસુખ ! હું છૂટે દિલે જ કહીશ કે તને એ દરેક કષ્ટોમાં પાડનાર અમારી કુધારા ટોળકીરૂપ કુહાડીનો હાથો તો હું જ છું ! અર્થાત્ દીક્ષાના વિઘ્નોની જેમ બેન વાસંતીનું પણ અપહરણ કરનાર હુંજ છું !

સમાન હક્કના નશામાં એ પવિત્ર ધર્માત્મા બહેનને બળાત્કારે જ પુનર્લગ્નમાં જોડાવાના બદ ઇરાદાવાળી અમારી ટોળીએ આ સામે જ રહેલા ગિરિ ઉપરના નજીકના જ ગુપ્ત પ્રદેશમાં રાખીને અમે ખૂબ જ સંતાપી છે ! યથેચ્છ કદર્થના કરી છે ! અરે, ત્રણ દિવસથી ભૂખી અને તરસી રાખીને એ નીરાધાર બાળાના મુખે ડુચા મારીને પણ એને ખૂબ માર માર્યો છે !

ભાઇ મનસુખ ! હું મારાં પાપની કથની કેટલીક કહું ? એ ધર્મશીલા નિર્દોષ બેન વાસંતીને અમોએ ત્યાં સુધી મારી કે એ પ્રભુનું સ્મરણ કરતી ધરણીએ ઢળી પડી ! જોતજોતામાં એની આંખો ઊંચે ચડી ગઇ અને મુખે ફીણ ફરી વળ્યાં ! એ જોઇને અમો પાપીઓ ગભરાયા, અને એ નિરાધાર બાળાને અશરણાવસ્થામાં ત્યાં જ તજીને નાશી છૂટેલા અમો નિર્ઘૃણમાંનો આ એક અગ્રપાપી હું તે પછી તારી પણ પૂંઠ પકડીને તને કદર્થવા આવ્યો હતો ! ઓ ધર્માત્મા ! હવે તો આ પાપીનો નિસ્તાર શોધી દે, કહેતાંની સાથે દુઃખસંભારથી ફાટતા હૃદયે ' ઓ પ્રભુ ! મારી શી વલે થશે ? ' એમ છેલ્લા શબ્દો મુશીબતે અને અસ્તવ્યસ્ત બોલતો કુસુમ મૂર્છાદ્વારા મૃતપ્રાયઃ બની ભૂશાયી થયો ! (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લેખક-મોહનલાલ દી. ચોકસી.

# આતમતત્ત્વની સાચી પિછાન.

મુમુક્ષુ આત્મા પગલે પગલે પ્રગતિનો કઠીણ પંથ કાપતો આજે લગભગ ઉત્કૃષ્ટ ભૂમિકા પર્યંત આવી પહોંચ્યો છે અર્થાત્ પોતાની જાતે સ્વપરના ભેદ ઊકેલવાની-જ્ઞેય, હેય અને ઉપાદેયને ઓળખવાની-અથવા તો શું છોડવા લાયક છે અને શું ગ્રહણ કરવા યોગ્ય છે એ સમજવાની-પૂર્ણ શક્તિ ધરાવે છે. એને આજે જીવ કે કર્મ અથવા આત્મા કે પુદ્ગલના ભેદ કિંવા એ પદાર્થોની વ્યાખ્યામાં સમાયેલી ભિન્નતા અજાણી નથી રહી !

સોળમા જિનના સ્તવનથી એની અભ્યાસક દશા પલટાઈ ચૂકી છે. જે કંઇ છે એ પોતાનામાં સમાયેલું છે એવું સ્પષ્ટ ભાન ત્યાં થઈ ચૂકયું છે. ત્યારપછી સ્તવનરચનામાં પણ પલટો શરૂ થયો છે. પ્રશ્નોત્તરરૂપે કિંવા સંવાદ-સ્વરૂપે દ્રવ્ય વિચારણા કિંવા આત્મતત્ત્વની ચિંતવના આગળ વધે છે. આજે વીસમા જિનને વિનંતિ કરવા અધ્યાત્મપંથનો એ પથિક તત્પર થયેલ છે. જેમ વીસ સ્થાનકની યથાર્થપણે આરાધના કરનાર આત્મા તીર્થંકર નામકર્મની સાધના નિશ્ચિત બનાવે છે. અર્થાત્ તીર્થંકરત્વપ્રાપ્તિ નિયમા કરે છે તેમ. અહીં મુમુક્ષુ આત્મા વીશમા તીર્થંકર શ્રી મુનિસુવ્રત સ્વામી પ્રત્યે જે પ્રશ્ન ઉઠાવે છે તે એટલી અગત્ય ધરાવે છે કે જો એ યથાર્થ સ્વરૂપે સમજાય તો મુક્તિનો માર્ગ ઝાઝો દૂર નથી રહેતો. એ અપૂર્વ ભૂમિ એને હાથવેંતમાં જ દૃષ્ટિગોચર થાય છે. કેમકે-

'જે એકને જાણે છે તે સર્વને જાણે છે' એવું આગમ વચન છે, અર્થાત્ જેણે આત્માને ઓળખ્યો એણે જગતને ઓળખ્યું એ ટંકશાળી વચન છે.

'તું ત્હને ઓળખ' અથવા તો 'आत्मवत् सर्वभूतेषु यः पश्यति स पश्यति' જેવા સૂત્રો દેખાવમાં નાના છતાં ગંભીર ને ગહન ભાવવાહક છે. એ આતમતત્ત્વની યથાર્થ પિછાન એ જ અધ્યાત્મવિષયનો અંતિમ છેડો છે અને સર્વ પ્રકારના જ્ઞાનાર્જન પાછળનું એક માત્ર રહસ્ય આત્માની મુક્ત દશામાં સમાય છે. તેથી તો 'सा विद्या या विमुक्तये' જેવા મુદ્રાલેખો આલેખાય છે. વિનંતિકાર આત્મા મંગળાચરણમાં એક જ પ્રશ્ન રજૂ કરે છે-

મુનિસુવ્રત જિનરાય ! મ્હારી એક વિનતિ સાંભળો-

**'આતમતત્ત્વ કયું જાણ્યું ?**
જગતગુરુ એહ વિચાર મુજ કહિયો'

ઉપરના પ્રશ્નનો જે ઉત્તર આપ દર્શાવશો એમાં જ નિર્મળ ચિત્ત-સમાધિ સમાણી છે; અર્થાત્ એ તત્ત્વની સાચી ઓળખાણ થતાં જ ચિત્ત-સમાધિ હસ્તગત થાય તેમ છે. આપ સાહેબ તો જ્ઞાની છો એટલે મારા હૃદયમાં આ સવાલ ઉઠવાનું કારણ હસ્તામલકવત્ જોઇ શકો છો. આપની આગળ એ વર્ણવવાની રંચ માત્ર અગત્ય ન લેખાય; છતાં ઉત્તર પાછળનો આશય મુજ સરખા બાળજીવો-અધ્યાત્મ વિચારશ્રેણીના પ્રવેશકો સરળતાથી અવધારી શકે એ સારું અહીં ટૂંકમાં દર્શાવવાનું વાસ્તવિક સમજું છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાગ્યે જ એવું કોઇ દર્શન ઉપલબ્ધ થઇ શકે છે કે જે આત્માનું અસ્તિત્વ ન સ્વીકારતું હોય કિંવા આત્મતત્ત્વનો અપલાપ કરતું હોય! જે કંઇ બિચિત્રતા અને વિસંવાદિતા નયનપથમાં આવે છે તે એની વ્યાખ્યા અને વર્તાવમાં સમાયેલી છે!

'કોઈ અબંધ આતમતત માને, કિરિયા કરતો દીસે' એ લીટીદ્વારા શ્રીમદ્ આનંદઘનજી મહારાજને જે શંકાઓ ઉદ્ભવી છે તે હરકોઈ મુમુક્ષુને સંભવે તેવી છે. સાંખ્ય આદિ કેટલાકો આત્માનું અસ્તિત્વ સ્વીકારતા છતાં તેને નિર્લેપ માને છે, તેમની વ્યાખ્યા છે કે–'વિગુણો ન બધ્યતે, ન મુચ્યતે' અર્થાત્ ગુણ વિનાનો આત્મા નથી તો કર્મથી બંધાતો એટલે એને મુક્ત થવાપણું પણ નથી જ! વેદાંતી આત્માને કેવળ અબંધ માને છે! આમ છતાં અચરિજકારી તો એ વાત છે કે એ સૌ ક્રીરિયા કરતા દેખાય છે! એ મહાશયોને પ્રશ્ન સરખો પણ નથી ઉદ્ભવતો કે આ બધી કરણીના ફળ ભોગવશે કોણ? જ્યારે આત્મા નિર્લેપ કે નિર્બંધ છે ત્યારે આ વિધિવિધાનના આડંબર કોના અર્થે છે?

અદ્વૈત, દ્વૈતાદ્વૈત, વિશિષ્ટાદ્વૈત નામા મતધારીઓ આત્માના ચેતન ગુણમાં અને પદાર્થની જડતામાં કંઈ તફાવત ગણતા નથી! સર્વ શરીરધારીઓમાં પરમાત્મા, (કે જે એક છે તે) અંશતઃ વ્યાપી રહ્યો છે. જીવાત્મા કોઇ કાલે પરમાત્મા ન જ થાય. પરમાત્મા સાથે જીવને સ્વામી-સેવક જેવો ભાવ છે, વિષ્ણુ ભગવાનની ઈચ્છા વિના વૃક્ષનું એકાદું પાંદડું સરખું પણ હાલતું નથી! સર્વત્ર એ મહાનુભાવોની નજર 'પ્રભુની લીલા' નીરખે છે. આ જાતના વિચિત્ર મંતવ્ય પાછળ દોડનાર તેઓ એટલું પણ અવધારી શકતા નથી કે આ જાતના પ્રતિપાદન પાછળ જબરી વિષમતા–શંકરતા ઉત્પન્ન થાય છે; તો પછી સુખદુઃખના ભોગવટામાં ઊડીને આંખે વળગે તેવી ભિન્નતા નેત્ર સામે તરવરે છે એની જવાબદારી કોના શિરે ઢલવાશે!

ત્યાં તો કોઇ તેરાપંથી, સમયસારીયા, વાશિષ્ઠસારગ્રંથી કેવલ આત્માની નિત્યતાને જ વળગી રહે છે! ચક્ષુ સામે ચારે ગતિમાં ભ્રમણ કરતાં સંખ્યાબંધ જીવોને જોયા છતાં માત્ર સ્વરૂપદર્શનમાં લીન બને છે! એમની મતિ પર એટલો મેલ બાઝ્યો હોય છે કે–'કૃતવિનાશ અકૃતાગમદૂષણ' જેવી ગંભીર પરિસ્થિતિ એમ માનવાથી ખડી થાય છે તે તેઓ જોઈ પણ શકતા નથી! '**कृतं विना न भोक्तव्यम्**' જેવા સૂત્રને પણ વિચારી શકતા નથી.

અને બૌધ્ધો તો આત્માને ક્ષણિક યાને ક્ષણવિધ્વંસી માની પ્રગતિનું મ્હોં જ ઢાંકી દે છે અર્થાત્ જે આત્મા પ્રથમ ક્ષણે છે, તે બીજી ક્ષણે નથી એવો મત સ્થાપન કરી વ્યવહારમાં અનુભવાતી સારીયે પરિસ્થિતિનો સર્વનાશ નોતરે છે. જ્યાં આત્માને ક્ષણે ક્ષણે ભિન્ન ઠરાવ્યો તેમાં ઊડીને આંખે વળગે એવું મહાન્ દૂષણ તો એ ઊભું થવાનું કે કરનાર જુદો અને ભોગવનાર જુદો! અને જ્યાં આ મંતવ્ય જોર પકડે ત્યાં દુનિયાદારીની લેણ-દેણ કે વ્યવહારની પ્રણાલી ન ટકી શકે, તેમ ન ટકી શકે સુખદુઃખની વિચારણા કે બંધ–મોક્ષની વાત!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાસ્તિકો તો બાપોકાર જાહેર કરે છે કે પૃથ્વી–અપ–તેજ અને વાયુરૂપ ચાર ભૂત સિવાય કોઇ જુદી સત્તા કે શક્તિ સંભવતી જ નથી. એ ભૂતથી આત્મત્વ કોઈ અલગ વસ્તુ નથી! એ ભૂતમાંથી ઉત્પત્તિ અને આખરી એમાં વિનાશ એનું નામ જ સંસાર; માટે યથેચ્છ 'ખાવું–પીવું ને મ્હાલવું' એ સિવાયની અન્ય ઝંઝટમાં પડવું જ નહીં.

મદિરાના દૃષ્ટાંતથી કેફની શક્તિ માફક ભૂતોના સંયોગથી ચૈતન્ય શક્તિનો ઉદ્ભવ માનનાર એ બંધુઓ એટલું પણ નથી જોઇ શકતાં કે મડદામાં ચારે ભૂતોનો સદ્ભાવ હોવા છતાં કાં ચેતનાશક્તિ જણાતી નથી? પણ જ્યાં સ્થિતિ જ 'અંધ શકટ જો નજર ન દેખે, તો શું કીજે શકટે?' જેવી હોય ત્યાં શું કહેવું! જન્માંધ પ્રાણીને ગાડાની લંબાઈ કે પહોળાઈના માપ ક્યાંથી સમજાય! એવો અંધ, હાથીના પૂંછડા કે પગને જ હાથીનું સર્વસ્વ કલ્પે એમાં શી નવાઈ?

હે નાથ! અનેકવાદીઓના આ વિચિત્ર મત વિભ્રમો નિહાળી ચિત્તસમાધિ સાંપડતી નથી. એ વિચિત્રતા જોયા પછી દૃષ્ટિ આપ સાહેબ પ્રતિ વળે છે. એટલે જ પ્રશ્ન ઉઠે છે—

વલતું જગગુરુ એણીપરે ભાખે,
પક્ષપાત સબ છંડી;
રાગદ્વેષ મોહ પખવર્જિત,
આતમ શું રઢ મંડી.
આતમધ્યાન કરે જો કોઉ,
સો ફિર ઇણમેં નાવે;
વાગજાળ બીજું સહુ જાણે,
એહ તત્ત્વ ચિત્ત આવે.

પ્રભુશ્રીનો જવાબ ઉપરની કડીદ્વયમાં સમાઇ ગયો. એકાંતવાદ મૂકી દેવો, રાગદ્વેષ ને મોહથી ભરપૂર અજ્ઞાનનો પક્ષ ત્યજી દેવો અને સ્યાદ્વાદબુદ્ધિ ધારણ કરી આત્મ–સ્વરૂપ પિછાનવું. સતત એનું ચિંતન, મનન અને નિદિધ્યાસન કરવું. એટલે જ વ્યવહાર નિશ્ચયની આંટીઘુંટીનો ઉકેલ આવશે–ત્યારે જ ધ્યાનદશાનો સાક્ષાત્કાર થશે.

આ ઉત્તરથી પ્રફુલ્લિત બનેલ આત્મા પોકારી ઊઠે છે કે–ભગવાન! આપની વાત સાચી છે. જે આત્મા વિવેક ધારણ કરી આત્મધ્યાન સંબંધી પક્ષ ગ્રહણ કરશે તે જરૂર તત્ત્વજ્ઞાની બની સિદ્ધિરૂપી સંપદા મેળવશે. આપ સાહેબની કૃપા મારા જેવાને માટે બસ થઈ પડશે.

## જગદુત્તર મહાત્મા.

જે વાસનાનો દાસ નથી, જેણે મદ, માન, માયા, ક્રોધ, રોષ, ઇર્ષ્યા, દ્વેષ વિગેરે દોષોને પોતાની અંદરથી હાંકી કાઢ્યા છે તે જગદુત્તર મહાત્મા છે; અને તે, સજ્જનોનાં હૃદયમંદિરમાં સુવર્ણાસને વિરાજે છે.

—મુનિ ન્યાયવિજય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા

મહાકવિ શ્રી હરિચંદ્રવિરચિત-

# શ્રી ધર્મશર્માભ્યુદય મહાકાવ્ય.

## સમશ્લોકી અનુવાદ (સટીક)

## તૃતીય સર્ગ.

( ગતાંક પૃષ્ઠ ૨૧૨ થી શરૂ. )

અનુષ્ટુપ.

પછી—

નૃપ આસનથી ઊઠ્યો, પૂર્વાદ્રિથી રવિ યથા;
તે પ્રચેતસ સાધુની, દિશા પામી નમ્યો તથા. ૧.

તે વનપાલને દીધું, ફલ તોષ તરુતણું;
મનોરથ લતા બીજ, ભેટનો બદલો ગણું ! ૨.

ક્લેશ-સંહરણે દક્ષ, જાણે કે આણ હોયની !
મુનિવંદન ભેરી એ, વગડાવે ધરાધણી. ૩.

તે કાદમ્બિનીનો નાદ, દિશાઓ મહિં વ્યાપતો;
નિર્ભરાનંદથી પુષ્ટ, પૌર-મોર નચાવતો. ૪.

ચંદન સ્વસ્તિકે હાસ્ય, લાસ્ય ઉલ્લસતા ધ્વજે;
પુષ્પરાશિથી રોમાંચ, ત્યારે તે પુરી યે ભજે. ૫.

---

૧. પછી તે રાજા, પૂર્વાચલથી સૂર્યની જેમ, આસન પરથી ઉઠયો, અને તે પ્રચેતસ્ મુનિની દિશાને પામી, નમ્યો. **ઉપમા+શ્લેષ. પ્રચેતસ્**= (૧) મુનિનું નામ, (૨) વરુણ (પશ્ચિમ દિશા વરુણની છે) **નમ્યો**–શ્લેષ. (૧) પ્રણામ કર્યા, (૨) નમી ગયો, આથમ્યો (સૂર્યપક્ષે). સૂર્ય પૂર્વમાંથી જઇ પશ્ચિમમાં નમે છે.

૨. અને તેણે તે ઉદ્યાનપાલકને સંતોષરૂપ વૃક્ષનું ફળ આપ્યું. તે જાણે મનોરથરૂપ લતાના બીજની ભેટનો બદલો હોયની ?–**રૂપક+ઉત્પ્રેક્ષા.**

૩. પછી ક્લેશને બહાર કાઢી મૂકવામાં પટુ એવી જાણે આજ્ઞા હોયની !–એવી મુનીંદ્રના વંદનાર્થે જવા માટે ભેરી, રાજાએ વગડાવી. **ઉત્પ્રેક્ષા**

૪. તે કાદમ્બિનીનો (ભેરીનો) ધ્વનિ દિશાઓમહીં વ્યાપતો સતો, પૂર્ણ આનંદથી પુષ્ટ એવા નગરજનોરૂપ મયૂરોને નચાવવા લાગ્યો, **રૂપક+શ્લેષ.** કાદંબિની= (૧) ભેરી, (૨) મેઘમંડલી.

૫. અને ત્યારે તે નગરી પણ ચંદનના સાથીઆવડે જાણે હાસ્ય કરવા લાગી, ઉલ્લસી રહેલા ધ્વજોવડે લાસ્ય (નૃત્ય) કરવા લાગી, પુષ્પપ્રકરવડે રોમાંચ ધરવા લાગી !–**ઉત્પ્રેક્ષા.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વ સ્વ પ્રાસાદથી જાણે, સમાતા નો'ય ભીડથી;
સુવસ્ત્ર ધારીને એવા, નીકળ્યા પૌર હર્ષથી. ૬.
બહારના તોરણે ભૂપો, અશ્વ ગજ રથે ચઢ્યા;
રાહ તેની જુએ જાણે, અર્થસિદ્ધિ દૂતો મળ્યા! ૭.
મુનીશ્વરપદ પ્રત્યે, રાજા ય સહ વલ્લભા;
રથમાં બેસીને ચાલ્યો, ભાનુ જેમ સહ પ્રભા. ૮.
નૃપો સંચારિ ચાલ્યા તે, સાત્ત્વિકદર્શી પાછળે;
ભાવો મુનિ મુખારૂઢ, રસ જેમ અનુસરે. ૯.
તે સજ્જાલક ને મત્ત-, વારણો થકી રાજતા;
પ્રાન્તવર્તિ ગૃહો જેવા, નૃપો જોઈ ખુશી થતો. ૧૦.
ગયા પૂર્વેજ ઉદ્યાને, ભૃત્યો સેવા-વિચક્ષણા;
ફલ પુષ્પો લઇ તેના, મૂર્ત્તિમંત ઋતુ સમા. ૧૧.
અન્યોન્ય અંગ સંઘટ્ટે, સરેલી હાર-સેરથી;
દુઃસંચર થયો માર્ગ, માર્ગ તો જયમ પાશથી. ૧૨.

---

૬. જાણે ભીડથી માતા ન હોય એમ પોતપોતાના પ્રાસાદોમાંથી નગરજનો સુંદર વસ્ત્રાલંકાર સજીને હર્ષથી બહાર નીકળી પડ્યા.—**ઉત્પ્રેક્ષા.**

૭. બહારના તોરણ આગળ અશ્વ, ગજ, રથ પર આરૂઢ થયેલા રાજાઓ, તે રાજાની રાહ જોઈ રહ્યા હતા; તે જાણે અર્થસિદ્ધિના દૂતો આવી મળ્યા હોયની ! **ઉત્પ્રેક્ષા.**

૮. પછી તે રાજા, પ્રભા સહિત સૂર્યની પેઠે, પોતાની પ્રિયા સાથે રથમાં બેસીને, મુનીશ્વરના ચરણ પ્રત્યે ચાલ્યો. **ઉપમા.**

૯. સંચારી નૃપો તે સાત્ત્વિકદર્શીની પાછળ ચાલવા લાગ્યા; જેમ ( સંચારી ) ભાવો મુનિમુખમાં આરૂઢ થયેલા ( સાત્ત્વિક ) ભાવરસને અનુસરે છે તેમ. **શ્લેષ+ઉપમા.**

સંચારી=(૧) ચાલતા, (૨) વ્યભિચારી. અલંકારશાસ્ત્ર પ્રમાણે વ્યભિચારી ભાવો સાત્ત્વિક ભાવને અનુસરે છે.

૧૦. અને તે સજ્જાલક ( વાળ હોળેલા ) અને મત્ત વારણોથી શોભતા, બાજુમાં આવી રહેલા ગૃહો જેવા તે રાજાઓને દેખી તે નૃપ આનંદ પામ્યો. **ઉપમા+શ્લેષ.**

સજ્જાલક-(૧) સજ્જ+અલક-વાળ હોળેલા, (૨) સત્+જાલક-સુંદર જાળીવાળા
મત્તવારણ=(૧) મદોન્મત્ત હસ્તી, (૨) ઘરોના આગળ પડતા થોભલા.

૧૧. સેવામાં ચતુર એવા તેના મૂર્ત્તિમંત ઋતુ જેવા સેવકો આગળથી જ ફળ-ફૂલ લઇને ઉદ્યાનમાં ગયા હતા. **ઉપમા.**

૧૨. પરસ્પર અંગનો સંઘટ્ટ થવાથી સરી પડેલી હારોની સેરવડે ત્યારે માર્ગ દુઃસંચર (જવો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે કુવલયનો જેતા, વિગ્રહદર્શી દૃષ્ટિથી;
નેત્રોત્સવાર્થ નારીના, નાઽરીના નૃપતિ થતો ૧૩.

લાવણ્યે નેત્ર સંક્રાંત, નગર નરનારીના;
એવો ગંધર્વ વિંટેલો, તે સહસ્રાક્ષ હોય ના ! ૧૪.

તેના મુખાબ્જ પર્યંતે, ષટ્પદો જે ભમી રહ્યા;
તે મુનિ-ચંદ્ર ધ્યાને શું, તિમિર-લવ નીકળ્યા ! ૧૫.

જે સવિભ્રમ ધારંતી, તિલકામલકાવલિ;
લસંતી પત્રવલ્લીથી, દીર્ઘ નેત્રાંજને ભલી. ૧૬.

યુક્ત ઉત્તાલ પુંનાગે, સાલ-સંગમ ધારતી;
કામારામ સમી રામા, તે આરામ પ્રતિ જતી. ૧૭. (યુગ્મ)

---

મુશ્કેલ) થઇ પડયો. જેમ માર્ગ (મૃગસમૂહ) પાશવડે કરીને દુઃસંચર ( મુશ્કેલ હલનચલનવાળો ) થઈ પડે છે તેમ. **ઉપમા+શ્લેષ.**

૧૩. કુવલયને દૃષ્ટિથી જીતનારો તે રાજા વિગ્રહ દર્શાવતો સતો, નારીઓને નેત્રોત્સવનું કારણ થઈ પડતો હતો, નહિ કે અરિઓને-શત્રુઓને. **સમાસોક્તિ.** અત્ર **શ્લેષ** આ પ્રમાણેઃ-

કુવલય= (૧) એક જાતનું કમલ (૨) કુ+વલય- ભૂવલય.

વિગ્રહ= (૧) શરીર, (૨) લડાઇ.

નારીના= (૧) સ્ત્રીઓના, (૨) ન+અરિના-ન શત્રુના.

૧૪. જેના અંગલાવણ્યમાં નગરજનો અને નારીઓના નેત્રો સંક્રાંત **થતા હતા એવો તે. ગંધર્વે** વિંટેલો જાણે સહસ્રાક્ષ ( ઇંદ્ર) હોયની ! **ઉત્પ્રેક્ષા.**

૧૫ તેના મુખકમલના પર્યંતે જે ષટ્પદો-ભમરા ભમતા હતા, તે **જાણે મુનિચંદ્રના ધ્યાનથી** તિમિર-કણ બ્હાર નીકળી આવ્યા હોયની ! **ઉત્પ્રેક્ષા.**

૧૬-૧૭. **સવિભ્રમ એવી જે** તિલક-આમલકાવલિ ધારતી હતી, **પત્રવલ્લીથી શોભતી જે દીર્ઘ નેત્રાંજનથી** સુંદર હતી, ઉત્તાલ પુંનાગથી યુકત જે સાલસંગમ ધારતી હતી એવી કામદેવના બગીચા જેવી રામાઓ-સ્ત્રીઓ તે આરામ-ઉદ્યાન ભણી જતી હતી. **ઉપમા+શ્લેષઃ**-સવિભ્રમ= (૧) વિભ્રમ-હાવ-ભાવ સહિત, (૨) સ+વિ+ભ્રમ-પક્ષીઓના ભ્રમણ સહિત, તિલકામલકાવલિ=(૧) તિલકયુકત અલકાવલિ લટની શ્રેણી (૨) તિલક અને આંબલીની શ્રેણી પત્રવલ્લી=(૧) પાદડા ભરેલી વેલી, (૨) પત્રભંગ, કપોળ વગેરે પર કાઢવામાં આવતી પીળ. નેત્રાંજન=(૧) નેતરના અને અંજનના વૃક્ષ, (૨) આંખનું આંજણ. ઉત્તાલ= (૧) ઊંચા (૨) ઉત્તમ. પુનાંગ=(૧) ઉત્તમ પુરુષ, (૨) વૃક્ષવિશેષ. **સાલસંગમ** (૧) સાલવૃક્ષનો સંગમ, (૨) સાલસ આલસયુકત-મંદ ગતિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વૃદ્ધ સ્ત્રીઓની આશિષો, નૃપ સ્વીકારતો ધીરે;
પહોંચ્યો ઈષ્ટ સિદ્ધિના, દ્વાર શું પુરદ્વારમાં. ૧૮.

યતિભાવપરો કાંતિ, ધારતો અતિ ભૂપતિ;
પુરથી નિકળ્યો જેમ, શ્લોક કવીન્દ્ર મુખથી. ૧૯.

શાખાપુર પુર પ્રાન્તે, બહુ લક્ષણ ધામને;
પ્રસન્ન તે થયો પેખી, સ્ત્રીના સુત સમાનને. ૨૦.

પૂર્વેજ વિક્રમ શ્લાઘ્ય, ભવાનીતનયો થયોઃ
મહાસેના વિંટયો ત્યારે, મહાસેન પુનઃ બન્યો. ૨૧.

( ચાલુ. )

---

૧૮. પછી વૃદ્ધ સ્ત્રીઓની આશિષો માથે ચઢાવતો ચઢાવતો તે રાજા નગરદ્વારે પહોંચ્યો,–કે જે જાણે ઇષ્ટસિદ્ધિનું દ્વાર હોયની ! **ઉત્પ્રેક્ષા**

૧૯. યતિભાવમાં તત્પર, અને અત્યંત કાંતિ ધરાવતો એવો તે રાજા નગરમાંથી બહાર નીકળ્યો–જેમ કવીન્દ્રના મુખમાંથી શ્લોક બહાર નીકળે છે તેમ. **ઉપમા+શ્લેષ** યતિ–(૧) મુનિ, (૨) કાવ્યના ચરણમાં આવતું વિશ્રામસ્થાન, કાંતિ–(૧) પ્રભા, (૨) કાવ્યનું ઓજસ્.

૨૦. નગરીના અંતભાગે સ્ત્રીના પુત્ર જેવું, બહુલક્ષણનું મંદિર, એવું શાખાપુર (પરું) જોઈને તે ખુશી થયો. **ઉપમા+શ્લેષ**, બહુલક્ષણ=(૧) બહુ લક્ષણવાળું. (૨) બહુલ+ક્ષણ=પુષ્કળ ઉત્સવવાળું.

૨૧. પૂર્વે જ તે વિક્રમથી શ્લાઘ્ય–પ્રશંસાપાત્ર રાજા ભવાનીતનય થયો; અને ત્યારે મહાસેનાથી વિંટાયો સતો તે મહાસેન થયો. **શ્લેષ.**

વિક્રમશ્લાઘ્ય=(૧) પરાક્રમથી પ્રશસ્ત, (૨) વિ+ક્રમ–પક્ષીના–પોતાના વાહનરૂપ મયૂરના પદન્યાસથી પ્રશસ્ત (કાર્તિકેય પક્ષે) ભવાનીતનય=(૧) ભવાનીનો પુત્ર–કાર્તિકેય, (૨) ભવ+આનીત+નય=સંસારમાં જેણે નય–નીતિ આણી છે એવો. મહાસેન=(૧) કાર્તિકેય–દેવોનો સેનાપતિ, (૨) મહાસેનાવાળો મહાસેન રાજા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સમ્યગ્જ્ઞાનની કુંચી—

# પરમાત્માનું અધિરાજ્ય.

[ ગતાંક પૃષ્ઠ ૨૨૯ થી શરૂ. ]

આ નશ્વર જગતમાં આત્માનું વસ્તુતઃ કોઈ સગું નથી. એક આત્મા જ આત્માનો ખરો સગો છે. માતા, પિતા, બન્ધુ, પત્ની વિગેરે જેઓ સાંસારિક દૃષ્ટિએ આપ્તજનો ગણાય છે, તેઓમાં કોઇની પણ આધ્યાત્મિક દૃષ્ટિએ આપ્તજન તરીકે ગણના ન જ કરી શકાય. સંસારના કહેવાતા સર્વ આપ્તજનો વસ્તુતઃ અસત્ય છે. તેઓ ભૂત જેવા ભ્રમરૂપ છે. એ અસત્ય આપ્તજનો પ્રત્યેના પ્રેમથી, કોઇ મનુષ્યને દુઃખ થાય એમાં આશ્ચર્ય જેવું શું છે?

ખરા મહાપુરુષોને આપ્તજનોનો કશો ય મોહ નથી હોતો. આપ્તજનોનો મોહ જેમનાથી નથી ટળતો તેમને તેઓ પ્રાયઃ પોતાની સમીપ પણ નથી રાખતાં. આપ્તજનો વિગેરેના સંમોહયુક્ત મનુષ્યોને તેઓ પોતાના શિષ્યરૂપે નથી સ્થાપતા. પોતે બનતાં સુધી કહેવાતા આપ્તજનોથી દૂર જ રહે છે. કોઇ વાર આકસ્મિક મિલન થતાં પોતાના જે તે કહેવાતા આપ્તજનને તેના સંસારી સંબંધની દૃષ્ટિએ સંબોધતા પણ નથી.* સંસારમાં રચ્યાપચ્યા રહેલા મનુષ્યો તેમને મૃતવત્ ભાસે છે. પરમાત્માના ભક્તો જ તેમને આપ્તજનોરૂપ લાગે છે.

આ સંસારમાં દુઃખ અનેક કારણે થાય છે. તેમાં અજ્ઞાન, અહંભાવ, ઇંદ્રિય–લાલસા, ઘૃણાવૃત્તિ અને જીવનના મોહથી જનિત થતાં દુઃખો મુખ્ય છે એમ મહાપુરુષો કહે છે.

ભગવદ્ ગીતામાં આપ્તજનો વિગેરે પ્રત્યે મોહની અનાવશ્યકતાના સંબંધમાં યથાર્થ જ કહ્યું છે કે—

"ઇંદ્રિય–લાલસાથી મોહ અને તિરસ્કાર–ભાવ પરિણમે છે, મોહ આદિથી સન્માર્ગમાં મહાન્ અંતરાય ઉપસ્થિત થાય છે." ૩–૩૪.

"મિત્રો, શત્રુઓ, આપ્તજનો, પરકીય પુરુષો વિગેરે પ્રત્યે જેમનો અપક્ષપાત હોય, જેઓ નીતિમાન અને અનીતિમાન પુરુષો પ્રત્યે સમભાવવાળા હોય તેઓ આધ્યાત્મિક ઉન્નતિની દૃષ્ટિએ ઉત્કૃષ્ટ સ્થાન પ્રાપ્ત કરે છે." ૬–૯.

"સુજ્ઞ પુરુષો હયાત કે વિદેહ થયેલા મનુષ્યો માટે કશોયે ખેદ કરતા નથી." ૨–૧૧.

શરીરનો મોહ અનેક રીતે દુઃખાસ્પદ છે. તે સત્ય મુક્તિની પ્રાપ્તિમાં અંતરાયરૂપ છે. શરીરનો મોહ છોડ્યાથી જ, પરમ ધ્યેયની પ્રાપ્તિ થઇ શકે છે. શરીરના મોહનો પરિત્યાગ કર્યા વિના આત્માનું ઊર્ધ્વગમન કોઈ કાળે પણ શક્ય નથી. શરીર આદિનો અસત્ય મોહ છૂટી જાય તો જ કોઈ પણ ભોગે સત્યમાર્ગનું જ ગમન કરવાની દૃઢ ઇચ્છા પરિણમે છે. શરીર આદિનો મોહ એ કેવળ અસત્ય માર્ગ છે. અસત્ય માર્ગના આશ્રયથી સત્યની પ્રાપ્તિ થાય કે કોઇ પરમ ધ્યેયનો સાક્ષાત્કાર થાય એવું કદાપિ બને જ નહિ. શરીર આદિનો વ્યામોહ છોડીને, મનુષ્ય પોતાના આત્માનાં સર્વોચ્ચ શ્રેય માટે સત્ય માર્ગ જ ગ્રહણ કરે તો આત્માની મુક્તિ અવશ્ય થાય છે એમાં કંઇ શક નથી. જીવનનો મોહ છોડનારને જીવન પ્રાપ્ત થાય છે, જીવનમાં મુગ્ધ રહેનાર જીવન ગુમાવે છે એ કુદરતનો નિયમ છે. કુદરતના એવા નિયમોનાં પાલનથી જ આત્માનું વાસ્તવિક શ્રેય થાય છે. કોઇ દેવને પ્રસન્ન કરવાથી, આત્માનું શ્રેય થઇ શકે છે એ

* સત્યજ્ઞાની મહાપુરુષો પોતાની એક વખતની પત્નીને માતા તરીકે પણ સંબોધે છે. આવાં અનેક દૃષ્ટાન્તો ઈતિહાસમાં મોજુદ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માન્યતા સાવ ગલત છે. સદ્‌ગુણ અને નીતિને બદલે, ખલવૃત્તિ અને પ્રતારણાથી જીવનમાં તાત્ત્વિક વિજય કોઇ કાળે પ્રાપ્ત નથી થતો. કુદરતનાં નિયમો એવા અવિચ્છિન્ન છે કે સારાંનરસાં કાર્ય માટે દરેક મનુષ્યને સારુંનરસું ફળ અવશ્ય મળી રહે છે. કુદરતના કાયદાનો કોઇ કાળે વિચ્છેદ નથી થતો. કુદરતના નિયમોમાં અપવાદ પણ નથી હોતો. કુદરતના કાયદાઓમાં કૃપાદષ્ટિ, પક્ષપાત કે અન્યાય આદિને પણ સ્થાન નથી. કાર્ય તો શું પણ વિચાર કે વાણીના સંબંધમાં પણ જેવો વિચાર કે વાણી હોય તેવું ફળ મનુષ્યને હરહંમેશ મળી રહે છે.

કુદરતના નિયમો સર્વદા અભેદ્ય છે. કુદરતના નિયમથી મનુષ્ય માટે વનસ્પતિ આદિનો આહાર નિર્માણ થયો છે. વ્યાઘ્ર આદિ હિંસક ગણાતાં પ્રાણીઓ માટે કુદરતે આમિષ (માંસ) ભક્ષણ નિયત કર્યું છે. કુદરતના નિયમોમાં કોઇ પણ પ્રકારની કૃપાદષ્ટિને સ્થાન જ નથી એમ કહી શકાય. કુદરતે મનુષ્ય માટે આમિષ-ભક્ષણનો નિષેધ કર્યો છે. આથી આમિષ ભક્ષણ નિમિત્તે પશુઓ આદિનો વધ કરવો એ મનુષ્યને માટે ઘોર અન્યાયરૂપ છે. કુદરતના નિયમોનું યથાર્થ જ્ઞાન હોય એવો કોઇ પણ મનુષ્ય જીહ્વા આદિનાં ક્ષુદ્ર સુખ કે આનંદ માટે આમિષ-ભક્ષણ ન જ કરે* આમિષ ભક્ષણથી શારીરિક, માનસિક અને આધ્યાત્મિક દષ્ટિએ અનેક અનિષ્ટ પરિણામો આવે છે. આથી સુજ્ઞ મનુષ્યો માંસભક્ષણને વિષરૂપ ગણી સવર્થા તેનો ત્યાગ કરે છે. આમિષ-ભોજન સર્વદા ઘૃણાસ્પદ અને પરિહાર્ય છે. આમિષ ભોજનની અનાવશ્યકતાના સંબંધમાં ગીતામાં સત્ય જ કહ્યું છે કેઃ-

"જે આહાર સાત્ત્વિક, બલવર્દ્ધક, આનંદપ્રદ, આરોગ્યદાયી, સ્વાદિષ્ટ અને રુચિકર હોય તે જ આહાર શુદ્ધ અને સાત્ત્વિક મનુષ્યોને પ્રિય થઇ પડે છે. વિકારી મનુષ્યોને અત્યંત ઉષ્ણ અને વિવિધ પ્રકારના ખોટા સ્વાદીષ્ટ આહાર પસંદ પડે છે. માંસ-ભોજન આદિ અશુદ્ધ આહાર અજ્ઞાનીઓને જ પ્રિય થઇ પડે છે."

'વાવે તેવું લણે' એ કુદરતનો અવિચળ નિયમ છે. સર્વ મનુષ્યોને પોતાનાં કર્મ અનુસાર સારુંનરસું ફળ મળ્યા જ કરે છે. કુદરત કોઇ પ્રાણીને કોઇ રીતે આધિન નથી. સર્વ પ્રાણીઓ કુદરતને આધીન છે કુદરતના નિયમો અનુસાર જે તે પ્રાણીને સારાંનરસાં ફળની નિષ્પત્તિ થયા જ કરે છે. મહાન્ પુરુષોને પણ કર્મ-ફળ અવશ્ય ભોગવવાં પડે છે. તેમને પણ ભાવિ-ભાવ* મિથ્યા થતો નથી. મનુષ્યને તેનાં કર્મોનું ફળ કાર્યકારણના નિયમ અનુસાર અવશ્ય મળે છે. કુદરત કોઇ મનુષ્ય મહાન્ હોય તેની લેશ પણ ગણના નથી કરતી. કુદરતની દષ્ટિએ બધાં પ્રાણીઓ સરખાં છે. કર્મવશાત્ કોઇ પ્રાણી દુઃખી હોય તો કુદરતને તેથી કંઇએ નથી થતું. સુખી થવું કે દુઃખી થવું એ કુદરતના નિયમોનાં સાહજિક પરિણામરૂપ છે. કુદરતના સત્ય નિયમોનું જેઓ પાલન કરે છે તેઓ સુખી થાય છે. એ નિયમોનો ભંગ કરનાર અવશ્ય દુઃખી બને છે. વિશ્વનું કોઇ પણ સુખ કે દુઃખ કુદરતના નિયમોથી પર નથી, કુદરતનો ઇન્સાફ પ્રતિક્ષણે થયા જ કરે છે. કુદરતનું કાર્ય સંપૂર્ણ ન્યાયપૂર્વક ચાલ્યા જ કરે છે. એમાં કોઇ જાતની ક્ષતિ કદાપિ નથી આવતી. પુણ્યવંત મનુષ્યોને કુદરતના નિયમોનો ભંગ કરતાં ભય રહે છે. પાપી અને નિર્લજ્જ મનુષ્યોને એવો ભય બહુ જ ઓછો હોય છે. આ રીતે તેઓ પોતાની મેળે જ દુઃખી રહે,

* 'The Jain philosophy pp. 143.

* अवश्यं भाविनो भावा भवन्ति महतामपि ।
नग्नत्वं नीलकंठस्य महाहि शयनं हरेः ॥

**ભાવાર્થ**:-મહાપુરૂષો માટે પણ ભાવિભાવ મિથ્યા થતા નથી. ભાવિભાવ અવશ્ય થાય છે. ભાવિભાવને કારણે, મહાદેવને દિગમ્બરવત્ દશા પ્રાપ્ત થઈ છે. વિષ્ણુને ભાવિભાવને કારણે શેષનાગરૂપી મહાન્ સર્પ ઉપર શયન કરવું પડે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. પાપી અને દુષ્ટ મનુષ્યોને અજ્ઞાન અને દુરાચારને કારણે, સચ્ચિદાનંદમય વિશુદ્ધ સ્વરૂપનો પ્રાદુર્ભાવ નથી થતો. તેમની અશુદ્ધિઓ કાયમ રહ્યા કરે છે. આથી પરમ સુખની પ્રાપ્તિ તેમને માટે અત્યંત દુર્ઘટ થઇ પડે છે.

ઇંદ્રિય–લાલસાજનક વસ્તુઓના મોહનો સર્વથા પરિત્યાગ એ જ સ્વાતંત્ર્ય અને સુખનો પરમ માર્ગ છે. ઇંદ્રિય–લાલસાઓથી આત્માનાં બંધનો વધે છે. આત્મા અનેક પ્રકારના સંભ્રમમાં પડે છે. વિશ્વ સ્વપ્નવત્ છે એવું વેદાન્તનું મંતવ્ય અસત્ય હોવા છતાં વૈરાગ્યભાવ ઉત્પન્ન કરવાની દ્રષ્ટિએ તે અત્યંત ઉપયુકત છે. વિશ્વને અસત્ય, ભ્રમ કે સ્વપ્નરૂપ માનતાં આત્માની ઉન્નતિ સંભવી શકે છે. સ્વપ્નમાં જેમ કાલ્પનિક કાર્યો થયાં કરે છે તેમ જીવનરૂપ મહાન્ સ્વપ્નમાં અનેક કાર્યો થયાં કરે છે, પણ તે વસ્તુતઃ ભ્રમરૂપ છે એવું વેદાન્તનું કથન છે. સ્વપ્નમાં દસ્યમાન થતી વસ્તુઓ, મનુષ્યો આદિ તે સમયે સત્ય લાગે છે. સ્વપ્નદ્રષ્ટા તેમની સાથે વિવિધ પ્રકારના આનંદનો આસ્વાદ પણ કરે છે. સ્વપ્નમાં દસ્યમાન થતી વસ્તુઓ વિગેરે અદસ્ય થાય ત્યારે તેમના વિયોગથી દુઃખ થાય છે. સ્વપ્નમાં દરેક પ્રકારના ભાવનો અનુભવ થાય છે. સુખ, દુઃખ, ભય આદિ દરેક પ્રકારના ઇષ્ટ અનિષ્ટ ભાવો સ્વપ્નમાં સંભવી શકે છે. કટ્ટર હિંસક શત્રુનાં દસ્યથી સ્વપ્નદ્રષ્ટા ચમકી પણ ઊઠે છે. કોઇ વાર કોઇ ભયાનક દસ્યથી બૂમબરાડા પણ પાડે છે. આ સર્વ સ્વપ્ન પૂરું થતાં ભ્રમરૂપ લાગે છે. સ્વપ્નમાં જોયેલું સર્વ કંઈ સાવ મિથ્યા જણાય છે. મનુષ્ય પાછો જેવો હતો તેવો જ બની જાય છે.

સ્વપ્નનાં વિવિધ દસ્યોનું રહસ્ય સમજવા જેવું છે. એ દસ્યો ચિત્તની અનેક પ્રકારની પ્રવૃત્તિઓનાં પરિણામરૂપ છે. ચિત્તની કલ્પનાશક્તિરૂપ ઉત્પાદક શક્તિથી સ્વપ્નનાં વિવિધ દસ્યો પરિણમે છે. કલ્પનાશક્તિ એ વસ્તુતઃ સ્વપ્નની સમર્થક અને અવધારક છે. આથી તેનું અસ્તિત્વ સ્વપ્નસૃષ્ટિની અંદર પણ હોય છે અને બહાર પણ હોય છે. સ્વપ્નમાં સુખ, દુઃખ, ભય આદિ જે વિવિધ ભાવો થાય છે તે ચિત્તની વિચિત્ર સૃષ્ટિનાં પરિણામજન્ય છે. સ્વપ્ન સામાન્ય રીતે રુચિકર લાગે છે એટલે સ્વપ્નનો ઉત્પાદક પોતાનું મન જ છે-એ વાતનું વિસ્મરણ થાય છે. સ્વપ્નમાં દસ્યમાન થતી અપ્સરાઓ, સુંદર સ્ત્રીઓ, પાપી મનુષ્યો, મિત્રો, આપ્તજનો વિગેરે ખરાં લાગે છે. આથી તેમના પ્રત્યે પ્યાર કે ઘૃણા ઉત્પન્ન થાય છે. આ પ્રકારના પ્રેમ કે ઘૃણાભાવને લઇને અનેકવિધ શુદ્ધ અશુદ્ધ ભાવોનો ઉદ્ભવ થાય છે. મનુષ્યની ઉત્પાદક શક્તિ સ્વપ્નમાં પણ મનુષ્યની સમીપ જ રહે છે. પણ સ્મૃતિ–શક્તિના દોષને લઇને, ઉત્પાદન શક્તિનું સ્મરણ નથી થતું. સ્વપ્નનાં દસ્યો અને પોતાનો આત્મા એક જ હોય, બન્ને એક બીજાને અનુરૂપ હોય એવો જ ભાસ થાય છે. આ રીતે વિચારતાં, મનુષ્યનું (આત્માનું) ગૌરવ ઘટે છે. સ્વપ્ન એ પોતાની જ કૃતિ છે એ સત્ય હકીકત ભૂલાઈ જવાથી સ્વપ્નનું દસ્ય પ્રભાવશાલી અને બલવાન લાગે છે. સ્વપ્નનાં દસ્યથી મનુષ્ય પ્રાયઃ અત્યંત વ્યાકુલ બને છે.

સત્ય અંતરાત્માનું વિસ્મરણ એ જગતનાં વિવિધ દુઃખોનું પ્રધાન કારણ છે. સત્ય આત્મા પ્રાણી માત્રમાં સદાકાળ વિરાજે છે. આમ છતાં તેની ખોજ બહાર જ થયા કરે છે અને એ રીતે પ્રાણી માત્રને દુઃખની પરિણતિ થાય છે. અંતરાત્મા પોતે જ શાશ્વત સુખનું નિષ્પત્તિ–સ્થાન છે. સંસારસુખની અત્યંત લાલસા અને મોહથી એ સુખની પ્રાપ્તિમાં અનેક પ્રકારના અંતરાયો સદાકાળ ઉપસ્થિત થયા કરે છે. સંસારનાં કાલ્પનિક સુખના વ્યામોહમાં સર્વ પ્રાણીઓ દુઃખી રહે છે.

ઉત્પાદક ઇચ્છા–શક્તિથી આ દુનિયામાં મહાનમાં મહાન્ કાર્યો થઇ શકે છે. દરેક મનુષ્ય ઇચ્છા શક્તિથી ગમે તેવાં આશ્ચર્યકારી કાર્યો કરી શકે છે. મનુષ્યનો સ્વકીય ઇચ્છા–શક્તિ ઉપર સંપૂર્ણ નિર્બંધ ચાલી શકે છે. ઇચ્છા–શક્તિઓ જે તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંગ્રાહક:—મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ.

# સાચી સોનેરી શિખામણ.

(૧) કાળની કિંમત સૌએ સમજવી જોઈએ. વેળા એ વસુ છે. Time is money. ગુમાવેલા પૈસા પાછા મેળવાય પણ ગયેલો વખત પાછો મળતો નથી. "**आयुः क्षणलवमात्रं न लभ्यंते हेमकोटिभिः क्वापि**" કરોડો મણ સોનું આપીએ તથાપિ ઘડીભર આયુષ્ય કદી પણ મળે એમ નથી. આવા અમૂલ્ય અને અલભ્ય વખતનો આપણે શો ઉપયોગ કર્યો તે જાણવા તથા આળસુ બની અવતાર એળે ન ગુમાવવાની સુચના કરવાનું કામ આ નાનકડી નિત્યનોંધ છે.

(૨) ઉપર લક્ષ આપવાની પહેલી ફરજ છે. દરેક કામ માટે સમય નીમી, નીમેલે વખતે જે પોતાનું કામ કરે છે તે વ્યવસ્થિત માણસ તને, મને અને ધને સુખી થાય છે. આવું સુખસંપાદન કરવા ભાગ્યશાળી મનુષ્યને પ્રાપ્ત થાય છે.

(૩) ચારિત્રથી મનુષ્ય મોટું થઈ શકે છે અને ચરિત્ર જ મનુષ્યમાં-જીવનને ઉન્નત બનાવી સર્વ સુખ સાધ્ય કરાવે છે.

(૪) મનસા, વાચા અનેકર્મણાથી પુણ્યમાર્ગ પર રહી ભારતના ઇતિહાસમાં પોતાની પ્રતિભા, આદર્શ, આત્મત્યાગ, ધર્મપ્રીતિ આદિ અનેકવિધ સદ્ગુણોનો સુવર્ણાક્ષરે પરિચય કરાવે છે.

(૫) બાળક, યુવક, તરુણ, પ્રૌઢ, વૃદ્ધ, વૃદ્ધા, પ્રૌઢા, તરુણી, યુવતી, બાલિકા આ સોનેરી શિખામણમાંથી ગમે તે જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે.

(૬) અધ્યયનથી યોગીજનો યોગવિદ્યાનો પરિચય પામશે. ભોગીજનો ભોગવિલાસ પામશે. પ્રણયીજનો પ્રણયનું સ્વરૂપ સમજી ખરાં પ્રણયી બનશે. કવિજનો સર્વ અલંકાર અને કાવ્ય-કળાને સમજશે. જ્ઞાની મહા-

---

મનુષ્યની સ્વકીય છે. જગતને રંગભૂમિ અને જગતના સ્ત્રીપુરુષોને પ્રચ્છન્ન સ્વરૂપયુક્ત સ્ત્રી કે પુરુષ પાત્રોરૂપે ગણતાં, મનુષ્ય જગત્ આદિથી પર થાય છે. તેનું ઊર્ધ્વગમન અલૌકિક પ્રકારનું બને છે. મનુષ્ય પોતાનું સ્વકીય સ્વરૂપ પ્રાપ્ત કરે છે. પોતાનાં અસલ સ્વરૂપને ભૂલી જઈ, મનુષ્ય નાહક દુઃખી થાય છે. વસ્તુસ્વરૂપ ભૂલી તે જાતજાતની આધિ, વ્યાધિ અને ઉપાધિઓનો ભોગ બને છે. સત્ય સ્વરૂપનું જ્ઞાન થતાં, સંસારના મિથ્યા આનંદો ભોગવવાની તેને વૃત્તિ જ રહેતી નથી.

સંસાર અને સ્વપ્નની સુંદર ઉપમા ઉપરથી આ જ બોધ લેવાનો છે. મનુષ્ય સંસારનો સૃષ્ટા બને છે, પ્રવૃત્તિમાં તેને નિષ્ક્રિય વૃત્તિ પરિણમે છે ત્યારે તેને ખરૂં જીવન પ્રાપ્ત થાય છે. તે મુક્તિને માર્ગે સંચરે છે. મનુષ્ય સત્ય બોધથી સંસારથી બને તેટલો મુક્ત થાય છે. આવા સત્ય બોધવાળા મનુષ્યોને ગમે તેટલું દુઃખ આવી પડે તો પણ તેમને સુખ અને આનંદ જ રહે છે. કોઇ પણ દુઃખથી તેઓ સંક્ષુબ્ધ થતા નથી. સત્ય બોધથી પરિણત થયેલી શ્રદ્ધાને કારણે, તેઓ ગમે તેવાં દુર્ઘટ કાર્યો પણ કરી શકે છે. તેમનામાં નવીન જીવનનો સંચાર થાય છે. તેઓ વિવિધ પ્રકારના ચમત્કારો પણ કરી શકે છે. વિષ આદિની તેમને લેશ પણ અસર ન થાય એવો તેમનો અદ્ભુત પ્રભાવ થઈ જાય છે.

( ચાલુ. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાની પામશે. "સામાન્ય મનુષ્ય બુદ્ધિનો અખૂટ ખજાનો મેળવશે." સોનેરી શિખામણ ધારણ કરવાથી, મનન કરવાથી, વિચારણા કરવાથી **"બુદ્ધિનો સાગર"** થાય છે.

(૭) જ્ઞાનનું આવું અદ્ભુત મહાત્મ્ય જાણી જ્ઞાનાભ્યાસ કરવો. આત્મજ્ઞાન તે જ જ્ઞાન ખરૂં જાણવું. બાકી સર્વ અજ્ઞાન છે. આત્મજ્ઞાન વિના જીવ શું ગ્રહણ કરે ? વા શું ત્યાગે ? તેનો વિચાર કરો; માટે જીવાદિક નવતત્ત્વ જાણી આત્મતત્ત્વ આદરવું–આત્મભાવમાં પ્રવૃત્તિ કરવી તે યોગ્ય છે.

(૮) તેમ એકલું શુષ્ક જ્ઞાન પણ આત્મહિત કરી શકતું નથી. જ્ઞાન ક્રિયામાં મોટું અન્તર છે.

(૯) " ज्ञानक्रियाभ्याम् मोक्षः " જ્ઞાન અને ક્રિયા બેથી મોક્ષોત્પત્તિ થાય છે.

(૧૦) જેમ વ્યાપારીને વ્યાપાર કરતાં અનેક પ્રકારનું દુઃખ થાય છે, છતાં તેને સુખ કરીને માને છે તેમ સુખવાંછુક મુનિરાજ પણ ક્રિયાકષ્ટનું દુઃખ તેને સુખ કરી માને છે.

(૧૧) જેના મનમાં મુનિ થવાની ભાવના નથી તે મનુષ્ય શ્રી વીતરાગદેવની વાણીમાં શ્રદ્ધાળુ નથી એમ સમજવું.

(૧૨) જે શુદ્ધ આત્મસ્વરૂપનો જ્ઞાતા છે તે શ્રમણ કહેવાય છે. 'नाणेण मुणि होइ' આત્મજ્ઞાનથી મુનિ જાણવા, એ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે.

(૧૩) જ્ઞાન મેળવવાથી જ્ઞાનલક્ષ્મી પ્રાપ્ત થાય છે, તેથી જ્ઞાનનો સદુપયોગ કરવો.

(૧૪) જગતના પ્રેમી બંધુઓ ! તમને એક વસ્તુ જે તમારા દેહમાં વિદ્યમાન છે તેની પ્રાપ્તિ થઇ નથી ત્યાં સુધી તમો સત્ય, શાંતિ, આનંદ મેળવી શકવાના નથી.

(૧૫) જેની વિદ્યમાનતાએ તમો હાલી–ચાલી શકો છો, હરો છો, ખાઓ છો, પીવો છો તે અમૂલ્ય વસ્તુ પ્રતિ જરા પણ તમે લક્ષ દીધું છે ? અને તેના પ્રતિ જરા પણ પ્રેમ કર્યો છે ?

(૧૬) સર્વ જગતના જીવોને તે અમૂલ્ય, અચિંત્ય, ચિતિ શક્તિમાનની ઓળખ કરાવવા, પ્રેમ કરાવવા આમંત્રણ કરું છું તે પ્રેમભાવથી સ્વીકારશો.

(૧૭) તમો ચિંતાતુર છો, શા માટે વૃથા દુઃખના વિચારોમાં મનને પ્રેરો છો ? આ આત્મધર્મમાં જોડાઓ. ખરેખર અલ્પ સમયમાં વિદ્યુત્‌ના પ્રકાશની પેઠે ચિંતા નષ્ટ થશે.

(૧૮) તમે સંસારના દુઃખથી પીડા પામો છો. હાય–હાય કરો છો. જે કોઇ મળે છે તેની આગળ પોતાનાં દુઃખનાં રોદણાં રડો છો ! તમો આત્મધર્મમાં જોડાઓ આત્માને ઓળખો. તેની નજીક જાઓ. ખરેખર તેનાથી તમને અપૂર્વ શાન્તિ મળશે.

(૧૯) રાજા કે રંક, રોગી કે ભોગી, બાળક કે વૃદ્ધ, સ્ત્રી વા પુરૂષ, શત્રુ વા મિત્ર, પૂજક વા નિંદક, સ્વજાતીય વા વિજાતીય જે કોઇ જીવો પોતાનું કલ્યાણ ઇચ્છે છે. તે સર્વ આત્મધર્મમાં જોડાઓ અને આત્મબગીચાની નજીક આવતાં તમો સર્વ સમાન સુખી, સમાન ધર્મી, સમાન શક્તિમાન અને એક બીજાના ઊપર પ્રેમદૃષ્ટિથી જોનાર દેખાશો. નક્કી સત્ય કહું છું. ચાલુ —

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રમાણપત્ર.

**આ સભા તરફથી શ્રી ધર્મબિંદુ ગ્રંથ (મૂળ અને મૂળ ટીકા ભાષાંતર સાથે–આવૃત્તિ બીજી)** સં. ૧૯૮૩માં પ્રગટ કરવામાં આવ્યો છે. તે વાંચવા માટે **પ્રાત:સ્મરણીય વયોવૃદ્ધ પ્રવર્ત્તકજી શ્રી કાંતિવિજયજી મહારાજે** હાલમાં પાટણ મંગાવેલ હતો. પૂજ્યપાદ્ પ્રવર્ત્તકજી શ્રી કાંતિવિજયજી મહારાજે બીજા પાસે વંચાવી સાંભળી તે પુસ્તક માટે જે પ્રમાણપત્ર–અભિપ્રાય આપ્યો છે જે નીચે મુજબ છે,

પાટણ તા. ૨૯–૩–૪૧.

મુ. પાટણથી મુનિ કાંતિવિજયાદિ સર્વ સાધુઓ તરફથી મુ. ભાવનગર શ્રી જૈન આત્માનંદ સભાના કાર્યવાહકો ધર્મલાભ સાથે જણાવવાનું કે–

**“ધર્મબિંદુ પુસ્તક તમારું મોકલેલું સંપૂર્ણ આ પત્ર લખનારે વાંચ્યું. અમોએ સાભળ્યું. વાંચી ઘણો જ આનંદ થયો. આવું સરસ ભાષાંતર થયું છે તે જ્ઞાનીજનોને સારામાં સારું લાભદાયક છે.” વગેરે વગેરે**

(નોટ) ઉપરોક્ત ગ્રંથની હાલ આ બીજી આવૃત્તિ છે. આપણી શ્રી શ્વેતાંબર જૈન કોન્ફરન્સની એજ્યુકેશન બોર્ડે અભ્યાસક્રમમાં પ્રથમ આ સભાનો આ ધર્મબિન્દુ ગ્રંથ દાખલ કરેલો પરંતુ માત્ર થોડી મુદત રાખી આ ધર્મબિન્દુ ગ્રંથને બોર્ડે અભ્યાસક્રમમાંથી ગમે તે કારણે કાઢી નાંખી અમદાવાદ–નિવાસી સદ્દગત શ્રી મણિલાલ નથુભાઇ દોશી બી. એ.ની કરેલ ધર્મબિંદુની ભાષાંતરની બુક એજ્યુકેશન બોર્ડે દાખલ કરી દીધી. જો કે શ્રીમાન્ મણિલાલભાઇની આ ભાષાંતરવાળી બુક છપાયા પહેલાં તે ભાષાંતર તેમની પાસેથી ખરીદી લઇ આ સભા તરફથી પ્રકટ કરવા મુનિમહારાજ શ્રી ભક્તિવિજયજી મહારાજ તરફથી ફરમાન થયું. પછી તે ભાષાંતર મહારાજશ્રી મારફત મંગાવી સભાએ સદ્દગત શ્રી ભક્તિવિજયજી મહારાજને તે ભાષાંતર જોવા સુપ્રત કર્યું. તેઓશ્રીએ વાંચી તેમણે તથા તેમના ગુરુભાઇ સદ્દગત વિદ્વાન્ મુનિરાજશ્રી ચતુરવિજયજી મહારાજે પાટણથી ના લખી કે તે છપાવવા જેવું નથી, જેથી સભાએ પોતાથી નવું ભાષાંતર કરાવીને સદ્દગત મુનિરાજશ્રી ભક્તિવિજયજી મહારાજને દૃષ્ટિગોચર કર્યું હતું. પ્રથમ આવૃત્તિ છપાવેલી તે તમામ વેચાઇ જવાથી આ બીજી આવૃત્તિ છપાયલી છે. વળી અમદાવાદમાં મુનિ સંમેલન થોડા વખત પહેલા મળ્યું હતું ત્યારે પણ મુનિના વિશેષ ધર્મના વિષય પરત્વે ધર્મબિંદુની ભાષાંતરવાળી બુક જોવાની તાત્કાલિક જરૂર પડી, તે વખતે આ સભા તરફથી પ્રગટ થયેલ બુકમાંથી તે હકીકત સ્પષ્ટ મળી આવેલ જેથી ત્યાં પણ પ્રમાણપાત્ર ઠરેલ હોવા છતાં આ સભાનો ધર્મબિંદુ ગ્રથ એજ્યુકેશન બોર્ડમાંથી કાઢી નાખવામાં કેમ આવ્યો તે જણાયું નહિ. તેથી થોડા વખત પછી સભાએ એક પત્ર આ ગ્રંથ અભ્યાસક્રમમાંથી કેમ કાઢી નાખ્યો? કયાં સ્ખલના છે? તે જણાવો તો અમો સુધારી શકીએ વિગેરે વિગતો માટે શ્રી એજ્યુકેશન બોર્ડને લખ્યો; પરંતુ તેનો જવાબ સભાને નહિ મળવાથી તે વખતના રેસીડેન્ટ જનરલ સેક્રેટરી સાહેબ શેઠ રણછોડભાઇ રાયચંદ હતા, તેઓ સાહેબને પણ આ સભાનો ધર્મબિંદુ ગ્રથ એજ્યુકેશન બોર્ડમાંથી કાઢી નાખી શ્રીયુત્ મણીલાલભાઇનો કરેલ ભાષાંતરનો ગ્રંથ કેમ દાખલ કર્યો? તેનો જવાબ આપવા વિનંતિ કરેલ; તેમજ આ સભાની તે બુકમાં સ્ખલના હોય તો જણાવવા તેમજ કાઢી નાખવાનુ બીજું કારણ હોય તો જે વ્યાજબી હોય તે જણાવવા આ સભા નિવેદન કરે છે, એ મુજબ પત્ર લખ્યો. તેનો પણ જવાબ સભાને મળ્યો નહિં. જયારે વિદ્વાન મુનિરાજો આ સભાના તે ધર્મબિંદુ ગ્રંથની પ્રશંસા કરી પ્રમાણપત્ર આપે છે છતાં શ્રી એજ્યુકેશન બોર્ડ અભ્યાસક્રમમાંથી કાઢી નાખે છે ત્યારે પ્રસંગવશાત્ આટલી સ્ફુટ હકીકત સભા પ્રકટ કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર.

## પંજાબ સમાચાર.

પૂજ્ય આચાર્યવર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ પોતાની શિષ્યપ્રશિષ્ય આદિ મુનિમંડલી સાથે ખાનગાડોગરાથી ફા. શુ. પાંચમે વિહાર કરી **છીના** પધાર્યા હતા.

આચાર્યશ્રીજીની અધ્યક્ષતામાં ખાનગાડોગરાના શ્રીસંઘે ઠરાવ કર્યો કે પ્રભુપૂજા કર્યા વિના કોઇએ પણ દુકાન ખોલવી નહીં.

આચાર્યશ્રી છઠને દિવસે છીનાથી વિહાર કરી મીયાંહરિમા-હાફ્જાબાદ,ગાજરગોળા-અકાલગઢ આદિમાં ધર્મોપદેશ આપતા ફા. શુ. અગીયારસે રામનગર પધાર્યા. રામનગરની હિન્દુ-મુસલમાન આદિ તમામ પ્રજાએ અને બહારથી પધારેલા સદ્ગૃહસ્થોએ આચાર્યશ્રીજીનું સુંદર સ્વાગત કર્યું.

રામનગર પંજાબમાં તીર્થધામ ગણાય છે. શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાનની દહેરાસરમાં દિવ્ય મૂર્તિ છે.

આ સુંદર તકનો લાભ લેવા લાહોરથી લાલાતિલકચંદજી જૈન સંઘ લઇને દશમીએ આવી પહોંચ્યા હતા, તેમજ ગુજરાંવાલા સ્ટેશને ગુજરાંવાલા શ્રીસંઘે સંઘપતિજી અને સંઘનું સ્વાગત કરી હારતોરા આપ્યા હતા. બાબુ અનંતરામજી જૈન બી. એ. એલએલ. બી.એ ભોજન આપ્યું હતું.

આચાર્યશ્રી દરરોજ ભાવવાહી વ્યાખ્યાનો આપી રહ્યા છે. જનતા સારા પ્રમાણુમાં લાભ લઇ રહી છે,

અત્રે થોડા દિવસ રોકાઈ આચાર્યશ્રીજી શીયાલકોટ તરફ પધારશે. ગુજરાંવાલાના વયોવૃદ્ધ પંડિત સરસ્વતીનાથજી જેઓ જાતે બ્રાહ્મણ હોઇ એઓના હૃદયમાં ભાવના થઇ કે જે સદ્ગુરુદેવ પગે ચાલી ઉપદેશામૃતનો ધોધ વહેવડાવી ભવ્ય પ્રાણીઓ ઉપર મહાન ઉપકાર કરી રહેલ છે તે સદ્ગુરુદેવનાં હું પણ પગે ચાલી દર્શન કરું જેથી ફા. શુ. ચૌદશે રામનગર આવી સદ્ગુરુદેવ શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના દર્શન કરી કૃત્યકૃત્ય થયા. ગુજરાંવાલાથી રામનગર ૩૨ માઇલ થાય છે છતાં આ વૃદ્ધ પંડિત ગુરુદર્શનમાં ઉત્સુક બની નવ કલાકમાં ૩૨ માઇલનો પંથ કાપી ગુરુદેવના ચરણોમાં પહોંચ્યા.

બહારથી પધારેલા સર્વે ભાઇઓની ભાવભક્તિ લાલા લધ્ધેશાહ સાદીરામ જૈને ઘણી જ હોંશથી કરી હતી અને કરી રહ્યા છે.

## પ્રતિષ્ઠા મહોત્સવ.

આચાર્યમહારાજ શ્રીમદ્ વિજયભક્તિસૂરિજી મહારાજશ્રી વિગેરેના સદુપદેશથી બંધાયેલ શ્રી આરંભડા ગામના શ્રી જિનમંદિરમાં મહા વદિ ૬ ના રોજ શ્રી વાસુપૂજ્યસ્વામીની પ્રતિમાને, પ્રતિષ્ઠત કરવામાં આવી હતી.

શેઠ કાળીદાસ કસ્તૂરચંદે પ્રભુજીને બિરાજમાન કર્યા હતા. બપોરના શાંતિસ્નાત્ર ભણાવવામાં આવ્યું હતું.

## વડોદરામાં વાસ્તુ પ્રસંગે અઠ્ઠાઈ મહોત્સવ

પૂજ્યપાદ્ આચાર્ય મહારાજ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ તથા પૂજ્યપાદ્ પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજના સદુપદેશથી, વડોદરા જાની-શેરીના પુનરુદ્ધાર થયેલ ઉપાશ્રયની ઉદ્ઘાટન ક્રિયાનું મુહૂર્ત મહા વદિ ૬ ના રોજ હોવાથી તથા તે નિમિત્તે અઠ્ઠાઇ મહોત્સવ હોવાથી આચાર્ય શ્રી વિજયલલિતસૂરિશ્વરજી મહારાજ વડોદરા, સપરિવાર પધાર્યા હતા. તેમની હાજરીમાં પ્રત્યેક શુભ કાર્યો શાંતિપૂર્વક થયાં હતાં.

## જયંન્ત.

સાબરમતીખાતે ફાગણ શુદિ ૧૦ ના રોજ મુનિશ્રી શાન્તમૂર્તિ હંસવિજયજી મહારાજની જયંતિ ઉજવવામાં આવી હતી. આ. વિજયકુસુમસૂરિએ તેમનું જીવનવૃત્તાંત અસરકારક ભાષામાં વર્ણવ્યું હતું. એ સિવાય તેમના ઉપદેશથી થયેલ ધાર્મિક કાર્યો અને જીવદયાના કાર્યો જણાવ્યાં હતાં. જયંતિનું કાર્ય પૂરું થતાં મુનિશ્રી હંસવિજયજી મહા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજની બનાવેલ ગિરનાર મંડનની પૂજા વળાદવાળા ભૂગભાઇએ રાગરાગણીમાં આલ્હાદપૂર્વક ભણાવી હતી. અમદાવાદમાં પણ જયંતિપ્રસંગે પૂજા વિગેરે ભણાવવામાં આવી હતી.

## મુંબઇમાં શ્રી આત્માનંદ જૈન સભાની સ્થાપના તેમજ ઉજવાયેલ પૂજ્યપાદ શ્રી આત્મારામજી મહારાજનો જન્મદિન ઉત્સવ.

મુંબઇમાં જૈનાચાર્ય શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજનો જન્મદિન ઉત્સવ ઉજવવા અને આત્માનંદ **જૈન સભાની** સ્થાપના કરવા પાયધુની ઉપર આવેલ શ્રી મહાવીરસ્વામીના ઉપાશ્રયે શાંતમૂર્તિ **મુનિરાજશ્રી બુદ્ધિમુનિજી** ગણિવરના પ્રમુખસ્થાને ચૈત્ર શુદિ ૧ તા. ૨૮-૩-૪૧ શુક્રવારે સવારે જૈનોની જાહેર સભા મળી હતી. પ્રથમ પંજાબના બંધુ **લાલા જસવંતરાયજી** જૈનીએ જણાવ્યું કે પંજાબમાં આજે જૈનોની જે જાહોજલાલી છે તે આ મહાપુરુષના પ્રતાપે જ છે. પંજાબમાં આ મહાત્માના નામથી કોલેજ, હાઇસ્કુલ, લાઇબ્રેરી વિગેરે અનેક સંસ્થાઓ છે. તેમજ ભાવનગરમાં તો આજે ઘણા વર્ષથી **શ્રી જૈન આત્માનંદ સભા** છે જેથી મુંબઇ જેવી વિશાળ નગરીમાં ગુરુમહારાજનું નામ કાયમ રહે તે અંગે શ્રી આત્માનંદ **જૈન સભા** ખોલવાની ખાસ આવશ્યકતા છે વગેરે જણાવ્યું હતું.

ત્યારબાદ મુનિરાજશ્રી **કંચનવિજયજી** મહારાજે જણાવ્યું કે આ મહાપુરુષનો શતાબ્દિ મહોત્સવ થોડા વર્ષ પહેલાં વડોદરામાં ઉજવાયો હતો તે શતાબ્દિ દિવસ એ જ શુભ દિવસ આજે છે.

ત્યારબાદ શ્રી **નરોત્તમદાસ** બી. શાહે તેઓશ્રીનો દીક્ષાપ્રસંગ તેમજ ભાવનગરમાં આત્માનંદ સભા છે તેવી જ રીતે અહીં કામ થાય તેવી ઇચ્છા બતાવી હતી. ત્યારબાદ શ્રી **મોહનલાલ** દીપચંદ ચોકસીએ જન્મદિન ઉત્સવ અંગે પોતાની છટાદારપૂર્વકની શૈલીથી સમજાવટ કરી છેલ્લા સૈકામાં તે મહાત્માનું સ્થાન અગ્રપદે છે તેમ જણાવ્યું હતું. તે આત્મારામજી મહારાજના નામથી અત્રે એક સંસ્થા હોય તો વધુ કાર્ય થઇ શકે વગેરે જણાવ્યું હતું.

ત્યારબાદ શ્રી **રાજપાલ** વ્હોરાએ શતાબ્દિ પ્રસંગનું વર્ણન કર્યું હતું. ત્યારબાદ શ્રી **વાડીલાલ સાકરચંદ** મારફતે વિવેચન કરી ગુરુજીને લગતું સુંદર કાવ્ય સંભળાવ્યું હતું. ત્યારબાદ શ્રી **મોતીચંદ** ગિરધરલાલ કાપડીયા સોલીસિટરે જણાવ્યું કે "યુગદૃષ્ટા" અંગે કાવ્યમાં આપણે સાંભળ્યું તે યુગદૃષ્ટા કોણ કહેવાય? તેનું શું લક્ષણ છે? તેનો વિસ્તારથી સારાંશ કહ્યા બાદ "જૈન ધર્મ એ વિશ્વધર્મ છે, એકલા વાણીયાઓનો જ જૈનધર્મ નથી." આ વાક્યો આત્મારામજી મહારાજશ્રી કહેતા હતા. બાદ **વાડીલાલ જેઠાલાલ** શાહે જે આત્માનંદ જૈન સભા ખુલ્લી મૂકવાની છે તેના ઉદ્દેશો સભા સમક્ષ વાંચી સંભળાવ્યા હતા. (૧) અહિંસા, સ્યાદ્વાદ આદિ જૈન ધર્મના મૌલિક સિદ્ધાંતોનો જનતામાં પ્રચાર કરવો (૨) જૈન ધર્મને લગતી ગેરસમજો દૂર કરવા પ્રયાસ સેવવો. (૩) ભારતવર્ષની બહાર જૈન ધર્મનું જ્ઞાન વિસ્તારવાના ઉપાયો હાથ ધરવા (૪) ઊગતી પ્રજામાં જૈન ધર્મના સંસ્કારની ઊંડી જડ રોપવા સસ્તું સાહિત્ય પ્રગટ કરવું. વિગેરે વિ.

ત્યારબાદ શ્રી મોહનલાલ દીપચંદ ચોકસીએ કામચલાઉ મંત્રીઓ તરીકે શ્રી **હીરાભાઈ** રામચંદ મલબારી અને શ્રી **વાડીલાલ** જેઠાલાલ શાહના નામો જાહેર કર્યાં હતા. ત્યારબાદ શેઠ **સાકરચંદ** મોતીલાલ મૂળજીએ રૂા. ૨૦૧) પોતાના તરફથી આપવા માટે જાહેર કર્યું હતું. બાદ પ્રમુખસ્થાનેથી શાંતમૂર્તિ શ્રી બુદ્ધિમુનિજી ગણિવરે જણાવ્યું કે સંસ્થા જે ઉદ્દેશથી ખોલો છો તેને બરાબર વિકસાવો. બાદ આચાર્યશ્રીજીના ગુણાનુવાદ કર્યાં પછી-મંગલિક સંભળાવ્યા બાદ સભા વિસર્જન થઇ હતી.

## ભરુચમાં ઓળી આરાધના.

આ. શ્રી વિજયલલિતસૂરીશ્વરજી મહારાજ સપરિવાર પાલેજથી વિહાર કરી ભરુચ પધાર્યા છે. આચાર્ય મહારાજની અધ્યક્ષતામાં ઓળી આરાધનાનું કાર્ય નિર્વિઘ્ને શરૂ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ઉમદા સખાવત.

અમારા સભાસદ શેઠ રાયચંદ વનમાળીદાસ વિજ્ઞાનશાસ્ત્રી અમદાવાદવાળાના ધર્મપત્ની શ્રીમતી રતનબાઇ ઊર્ફે ફુલીબાઇ સં. ૧૯૯૦ના વૈશાક શુદિ ૯ના રોજ સ્વર્ગવાસ પામ્યા હતા. તેઓ ધર્મ-પરાયણા દેવગુરુભક્તિકારક હતા. તેમના સ્મરણાર્થે શેઠ રાયચંદભાઇએ રૂા. વીશ હજારની સખાવત નીચે પ્રમાણેના ધાર્મિક કાર્યોમાં કરી છે.

૧. ગામ પાલી(મારવાડ)માં જેસલમેરીયાવાસની લગોલગ એક ધર્મશાળા.

૨. કોચરપાલડી(અમદાવાદ)માં ધર્મશાળા તથા જિનમંદિર બંધાવી શ્રી શાંતિનાથ પ્રભુની પ્રતિષ્ઠા કરાવી.

૩. અખિલ ભારતવર્ષીય વર્ણાશ્રમ સંઘને ૬૦૦ વાર જમીન બક્ષીસ.

૪. કાળુપુર ( અમદાવાદ ) મનસુખભાઇની પોળમાં એક ફ્રી લાઇબ્રેરી અને ત્યાં જ એક ધર્માદા દવાખાનું વગેરે સખાવત કરી પતિ તરીકેનું શેઠ રાયચંદભાઇએ કર્તવ્ય બજાવ્યું છે.

# કર્મગ્રંથ ભાગ ૧-૨ સંપૂર્ણ.

**૧. સટીક ચાર કર્મગ્રંથ શ્રીમદ્દેવેન્દ્રસૂરિવિરચિત-પ્રથમ ભાગ રૂા. ૨-૦-૦**

**૨. શતકનામા પાંચમો અને સપ્તતિકાભિધાન છઠ્ઠો કર્મગ્રંથ, દ્વિતીય ભાગ રૂા. ૪-૦-૦**

ઘણી જ કાળજીપૂર્વક તેનું સંશોધન અમારી પ્રસ્તુત આવૃત્તિમાં સાવધાનપણે સંપાદક મહાપુરુષે આ બંને ગ્રંથોમાં કર્યું છે અને રચના-સંકલના વિદ્વત્તાપૂર્ણ કરવામાં આવેલ છે જે ગ્રંથ જોયા પછી જ જણાય તેવું છે. બાકી તેની સાથે ગુજરાતી ભાષામાં આપેલ પ્રસ્તાવનામાં વિગતો, ગ્રંથકારનો પરિચય, વિષયસૂચિ, કર્મગ્રંથનો વિષય કયા ગ્રંથોમાં છે તેની સૂચિ, પારિભાષિક શબ્દના સ્થાનદર્શક કોષ, શ્વેતાંબરીય કર્મતત્ત્વ વિષય શાસ્ત્રોની સૂચિ, કર્મવિષયના મળતાં ગ્રંથો, છ કર્મગ્રંથાન્તર્ગત વિષય દિગંબરી શાસ્ત્રોમાં કયા કયા સ્થળે છે તેનો નિર્દેશ વગેરે આપવામાં આવેલ હોવાથી અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી થયેલ છે, જે પ્રથમ બહાર પડેલ કર્મગ્રંથ કરતાં અધિકતર છે.

ઊંચા એન્ટીક કાગળો ઉપર સુંદર ટાઇપો અને મજબૂત તથા સુંદર બાઇંડીંગમાં બંને ભાગો પ્રકટ થયેલ છે. કિંમત બંનેના રૂા. ૬-૦-૦. પોસ્ટેજ જુદું.

# શ્રી નવપદની પૂજા

( અર્થ, નોટ, મંડલ, યંત્ર, વિધિ વગેરે સહિત )

**શ્રીમદ્ યશોવિજયજી મહારાજકૃત નવપદની પૂજા** અમોએ તેના **ભાવાર્થ, વિશેષાર્થ** અને **નોટ** સાથે તૈયાર કરી પ્રગટ કરેલ છે. સાથે **શ્રી નવપદજીનું મંડલ** તે તે પદોના વર્ણ-રંગ અને તેની સાથે, વિવિધ રંગ અને સાચી સોનેરી શાહીની વેલ વગેરેથી તથા **શ્રી નવપદજીનો યંત્ર** કે જે આયંબીલ-ઓળી કરનારને પૂજા કરવા માટે ઉપ-યોગી છે તે બંને છબીઓ ઊંચા આર્ટપેપર ઉપર મોટો ખર્ચ કરી ઘણી સુંદર, સુશોભિત અને મનોહર બનાવી આ ગ્રંથમાં દાખલ કરવામાં આવેલ છે. આ સાથે શ્રી સિદ્ધચક્રજી મહારાજનું આરાધન કેમ થાય, તેની સંપૂર્ણ **ક્રિયાવિધિ, ચૈત્યવંદન, સ્તવનો, સ્તુતિઓ** અને સાથે **શ્રીમાન્ પદ્મવિજયજી મહારાજ** અને **શ્રીમાન્ આત્મારામજી મહારાજકૃત નવપદજીની પૂજાઓ** દાખલ કરેલ છે. ઊંચા એન્ટ્રીક પેપર ઉપર ગુજરાતી સુંદર જુદા જુદા ટાઇપોથી છપાવી ઊંચા કપડાના બાઇન્ડીંગથી અલંકૃત કરેલ છે. કિંમત ઉપર દૃષ્ટિ નહિ રાખતા ગ્રંથની અધિકતા, ઉપયોગી વસ્તુઓની વિવિધતા અને સર્વ સુંદરતાનો ખ્યાલ નજરે જોવાથી ખરીદ કરી મુકાબલો કરવાથી જણાય છે. કિંમત માટે કે બીજી દૃષ્ટિએ લલચાવવાનો હેતુ રાખેલો નથી. **કિંમત રૂા. ૧-૪-૦ પોસ્ટેજ અલગ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg No. B 431.


**અવશ્ય મંગાવો.** **શ્રીપાળ રાજાનો રાસ.** **ઘટાડેલી કિંમત.**

એમ તો શ્રીપાળ રાજાના રાસની ઘણી આવૃત્તિઓ આજ સુધીમાં જુદા જુદા પ્રકાશકોએ બહાર પાડી છે. એ છતાં અમારા તરફથી બહાર પડેલ છે તે રાસને શા માટે શ્રેષ્ઠ સ્થાન મળ્યું તે તમો જાણો છો? આ રાસમાં નવપદજી મહારાજનું યંત્ર ખૂબ શોધ કરીને રજૂ કરવામાં આવ્યું છે. સાથે આ રાસમાં વાંચકોની સરલતા માટે તેમ જ આકર્ષણ માટે ખાસ નવા ચિત્રો તૈયાર કરાવી મૂકવામાં આવેલ છે. તેમજ–

નવપદજી મહારાજની પૂજા, દોહા, નવપદજીની ઓળીની સંપૂર્ણ વિધિ, ઉપયોગી સંગ્રહ પણ આમાં રજૂ કરવામાં આવ્યાં છે. એટલે નવપદજી મહારાજની ઓળીના આરાધન સમયે આ એક જ રાસ દરેક જાતની સગવડતા પૂરી પાડે છે.

અમો બીજાના છપાવેલા આ રાસ લઈ વ્યાપારીદૃષ્ટિએ વેચતા નથી, પરંતુ અમો પોતે જ સારા કાગળો, સુંદર અક્ષરો, આકર્ષક ચિત્રો, સુશોભિત પાકા ટકાઉ કપડાના બાઇન્ડીંગથી જ માત્ર સાહિત્યપ્રચારની દૃષ્ટિએ બને તેટલા શુદ્ધિપૂર્વક છપાવી અને મોટો ખર્ચ કરી તૈયાર કરેલ હોવા છતાં પણ અમારા છપાવેલા આ રાસની બીજા સાથે સરખામણી કરી લેવા ભલામણ છે.

શુદ્ધ અને સારો રાસ વસાવવાની ઇચ્છાવાળા દરેક કુટુંબોમાં અમારા રાસને સ્થાન મળેલ છે. આ રાસમાં ઘણી જ મહત્તા છે અને આકર્ષક છે.

**પાકું રેશમી પૂંઠું રૂ. ૨–૦–૦ :: પાકું ચાલુ પૂંઠું રૂ. ૧–૪–૦ પોસ્ટેજ જુદું.**

## નવસ્મરણાદિ સ્તોત્ર સન્દોહ:

નિરંતર પ્રાતઃકાળમાં સ્મરણીય, નિત્ય પાઠ કરવા લાયક નવસ્મરણો સાથે બીજા પ્રાચીન ચમત્કારિક પૂર્વાચાર્યકૃત દશ સ્તોત્ર તથા રત્નાકર પચ્ચીશી અને બે યંત્રો વિગેરેનો સંગ્રહ આ ગ્રંથમાં આપેલ છે. ઊંચા કાગળો, ઉપર જૈની સુંદર અક્ષરોથી છપાયેલ છે. શ્રી મહાવીરસ્વામી તથા ગૌતમસ્વામી અને બે પૂજ્યપાદ ગુરુમહારાજાઓની સુંદર રંગીન છબીઓ પણ ભક્તિ નિમિત્તે સાથે આપવામાં આવેલ છે. કિંમત માત્ર રૂા. ૦–૪–૦ ચાર આના તથા પોસ્ટેજ રૂા. ૦–૧–૩ મળી મંગાવનારે રૂા. ૦–૫–૩ ની ટિકિટો એક બુક માટે મોકલવી.

**માત્ર પ્રચારકાર્ય અને જૈન બંધુઓ વિશેષ લાભ લે તેવા ઉદ્દેશથી કિંમત ઘટાડવામાં આવી છે.**

| | | | |
|---|---|---|---|
| ૧ શ્રી આત્માનંદ શતાબ્દિ સ્મારક ગ્રંથ. ... ... | રૂા. ૨–૮–૦ | ના | રૂા. ૧–૦–૦ |
| ૨ શ્રી તત્ત્વાર્થસૂત્ર મૂળ, હિંદી ભાષાંતર. ... ... | રૂા. ૧–૮–૦ | ના | રૂા. ૧–૨–૦ |
| ૩ વીરપ્રવચન. ... ... ... .... | રૂા. ૦-૧૦-૦ | ના | રૂા. ૦–૭–૬ |
| ૪ ખંભાતનો પ્રાચીન જૈન ઇતિહાસ. ... ... ... | રૂા. ૧–૪–૦ | ના | રૂા. ૦-૧૫-૦ |
| ૫ શ્રી હેમચંદ્રાચાર્ય ( લે. ધૂમકેતુ ) ... ... ... | રૂા. ૧–૮–૦ | ના | રૂા. ૧–૨–૦ |

બુકસેલરોને આ લાભ આપવામાં આવશે નહિ. પોસ્ટેજ વગેરે જુદું.

આ લાભ ચૈત્ર શુદ ૧ થી ચૈત્ર વદ ૮ સુધી ચાલુ રહેશે.

**મોહનલાલ દીપચંદ ચોકસી.**
ઓ. સે. આ. જ. શ. ટ્રસ્ટબોર્ડ
ત્રાંબાકાંટા, વોરાનો જુનો માળો મુંબઇ—નં, ૩


( આનંદ પ્રિન્ટીંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર. )

For Private And Personal Use Only